dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue - 269 | AD - 2025, Ashadh Sud - 08 | Thursday, Dt.03-07-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### ભૂસ્ખલન અને વાદળ ફાટવાને કારણે મંડીમાં ભારે તબાહી

# હિમાચલપ્રદેશમાંવાદળફાટતા ૧૦લોકોનામોત

શિમલા,તા.૨

છેલ્લા ૨૪ કલાકમાં, વાદળ ફાટવાની ૧૦થી વધુ ઘટનાઓ નોંધાઈ છે. બુધવારે પણ હિમાચલ પ્રદેશમાં ચોમાસાની તબાહી ચાલુ રહી હતી. દરમિયાન, અધિકારીઓએ વધુ બે મૃતદેહ બહાર કાઢ્યા છે, જેના પછી વરસાદ અને ભૂસ્ખલન સંબંધિત ઘટનાઓમાં મૃત્યુઆંક વધીને ૧૦ થયો છે. તમને જણાવી દઈએ કે હિમાચલ પ્રદેશનો મંડી જિલ્લો આનાથી સૌથી વધુ પ્રભાવિત થયો છે. અહીં અચાનક પૂર, ભૂસ્ખલન અને વાદળ ફાટવાની ઘણી ઘટનાઓ જોવા મળી હતી, જેના કારણે મંડીમાં ઘણી તબાહી મચી ગઈ છે. આ વિસ્તારમાં સતત ભારે વરસાદને કારણે બિયાસ નદીનું પાણી પણ વધી રહ્યું છે, જેના કારણે મંડી જિલ્લો પૂરનો પણ સામનો કરી રહ્યો છે.

ભારતીય હવામાન વિભાગે રાજ્ય માટે રેડ એલર્ટ જારી કર્યું છે, જેમાં આગામી થોડા દિવસોમાં ભારે વરસાદ, ભૂસ્ખલન અને અચાનક પૂરની ચેતવણી આપવામાં આવી છે. અધિકારીઓએ રહેવાસીઓને સતર્ક રહેવા અને સંવેદનશીલ વિસ્તારોમાં મુસાફરી કરવાનું ટાળવાની સલાહ આપી છે. વાદળ ફાટવાના કારણે મંડીના થુનાગ, કારસોગના કુટ્ટી બાયપાસ, કારસોગના પુરાણા બજાર, કારસોગના રિક્કી, ગોહરના સ્યાંજ, ગોહરના બસ્સી, ગોહરના તલવારા, ધરમપુરના સ્યાથી અને ધરમપુરના ભદરના સહિત ઘણા વિસ્તારોમાં નુકસાન થયું છે. ભારે વરસાદ, વાદળ ફાટવા અને ભૂસ્ખલનને કારણે,



હિમાચલ પ્રદેશના ૨૮૨ રસ્તા બુધવારે સવારે ૧૦ વાગ્યા સુધી બંધ રહ્યા. આ ઉપરાંત, ૧૩૬૧ વીજળી ટ્રાન્સફોર્મર અને ૬૩૯ પાણી પુરવઠા યોજનાઓ પ્રભાવિત થઈ છે. મંડી જિલ્લામાં સૌથી વધુ ૧૮૨ રસ્તા બંધ થયા હોવાનું જાણવા મળ્યું છે. આ પછી, કુલ્લુમાં ૩૭, શિમલામાં ૩૩ અને સિરમૌરમાં ૧૨ રસ્તા બંધ છે. તમને જણાવી દઈએ કે ૨૦ જૂનથી ચોમાસાની ઋતુની શરૂઆતથી, વાદળ ફાટવા, પૂર અને ભૂસ્ખલન જેવી ઘટનાઓને કારણે ૧ જુલાઈ સુધી ૫૧ લોકોનાં મોત થયા છે. તે જ સમયે, આવી ઘટનાઓમાં ૧૦૩ લોકો ઘાયલ થયા છે. આ ઉપરાંત, ૨૨ લોકો હજુ પણ ગુમ છે.

રાત્રે હિમાચલ પ્રદેશમાં ૧૭ સ્થળોએ વાદળ ફાટવાથી ૩૪ લોકો ગુમ છે. ગુમ થયેલા લોકોને શોધવા માટે એનડીઆરએફ અને એસડીઆરએફ દ્વારા શોધ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. મંડી જિલ્લામાં ૧૫ સ્થળોએ વાદળ ફાટવાની ઘટના બની હતી, જ્યારે કુલ્લુ અને કિન્નૌર જિલ્લામાં એક-એક જગ્યાએ વાદળ ફાટવાની ઘટના બની હતી. વાદળ ફાટવા, વરસાદ અને ભૂસ્ખલનને કારણે મંડી જિલ્લામાં સૌથી વધુ નુકસાન થયું છે. ઘરો ધૂળમાં ફેરવાઈ ગયા છે. સમગ્ર રાજ્યમાં ૧૮ લોકોએ જીવ ગુમાવ્યા છે, જેમાં મંડીમાં ૧૬ લોકોનો સમાવેશ થાય છે. ગોહર સબડિવિઝનમાં પાંચ, થુનાગમાં ત્રણ અને જોગીન્દરનગર અને કારસોગમાં એક-એક વ્યક્તિના મોતની પુષ્ટિ થઈ છે અને વહીવટીતંત્ર મૃતકોની ઓળખ કરી રહ્યું છે. વિવિધ સ્થળોએથી ૩૩૨ થી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. ફક્ત મંડી જિલ્લામાં જ ૨૪ ઘરો અને ૧૨ ગૌશાળા જમીનદોસ્ત થઈ ગયા છે. ૩૦ પ્રાણીઓ મૃત્યુ પામ્યા છે. કુકલાહ નજીક પાટીકારી પ્રોજેક્ટ ધોવાઈ ગયો છે.












## અમરનાથ યાત્રા માટે પ્રથમ ટુકડી જમ્મુથી રવાના



જમ્મુ,તા.૦૨

અમરનાથ યાત્રા માટે પ્રથમ ટુકડી આજે જમ્મુથી રવાના થઈ છે. લેફ્ટનન્ટ ગવર્નર (એલજી) મનોજ સિન્હાએ ભગવતી નગર બેઝ કેમ્પથી યાત્રાને લીલી ઝંડી આપી હતી. આ દરમિયાન શ્રદ્ધાળુઓ 'હર હર મહાદેવ' અને 'બમ બમ ભોલે'ના નારા લગાવતા જોવા મળ્યા હતા, જોકે સત્તાવાર રીતે યાત્રા ૩ જુલાઈથી શરૂ થશે. ૩૮ દિવસની આ યાત્રા પહેલગામ અને બાલતાલ બંને રૂટ પરથી નીકળશે.

આ યાત્રા ૯ ઓગસ્ટના રોજ રક્ષાબંધનના દિવસે સમાપ્ત થશે. ગયા વર્ષે આ યાત્રા ૫૨ દિવસ ચાલી હતી અને ૫ લાખ શ્રદ્ધાળુઓએ પવિત્ર ગુફાના દર્શન કર્યા હતા. અત્યારસુધીમાં, અમરનાથ યાત્રા માટે ૩.૫ લાખથી વધુ યાત્રાળુઓએ નોંધણી કરાવી છે. તાત્કાલિક નોંધણી માટે, જમ્મુમાં સરસ્વતી ધામ, વૈષ્ણવી ધામ, પંચાયત ભવન અને મહાજન સભામાં કેન્દ્રો ખોલવામાં આવ્યા છે. આ કેન્દ્રો દરરોજ બે હજાર યાત્રાળુની નોંધણી કરાવી રહ્યા છે.










**અમરેલી સહિત રાજયના કોઈપણ ખેડૂતને યુરીયા ખાતર સાથે અન્ય કોઈ ખાતર ધાબડી શકાશે નહી**

# રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ખેડૂતોના હિતમાં કર્યો આદેશ

**સાંસદ, પાંચેય ધારાસભ્યો, અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખે મુખ્યમંત્રીને કરેલી રજૂઆતને મળી સફળતા**

અમરેલી,તા.૦૨

સમગ્ર રાજયમાં ખેતીવાડી અધિકારી દ્વારા ખેડૂતોને યુરીયા ખાતરની સાથે નેનો કે અન્ય ખાતર ફરજિયાત ધાબડવામાં આવતુ હોવાની ફરીયાદ ઉઠવા પામી હતી. જેથી સાંસદ ભરતભાઈ સુતરીયા, કૌશિકભાઈ વેકરીયા સહિત પાંચેય ધારાસભ્યોએ આ બાબતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને રજૂઆત કરતા મુખ્યમંત્રીએ રાજયના ખેડૂતોના હિતમાં આદેશ કરી યુરીયા ખાતર સાથે નેનો કે અન્ય કોઈ ખાતર નહી આપવા આદેશ કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, યુરીયા ખાતર સાથે ખરીદ-વેચાણ સંઘ દ્વારા નેનો કે અન્ય ખાતર ધાબડવામાં આવતુ હતુ જો કે આ વધારાનુ ખાતર ખેડૂતો માટે નકામુ હતુ પરંતુ ખેતીવાડી અધિકારી દ્વારા મનસ્વી નિર્ણય લેવામાં આવતો હોવાની ફરીયાદ ઉઠવા પામી હતી. આ બાબતે સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય કૌશિક વેકરીયા, મહેશ કસવાળા, હીરાભાઈ સોલંકી, જનકભાઈ તળાવીયા અને જે.વી. કાકડીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી હતી. જેથી મુખ્યમંત્રીએ ખેડૂતોને યુરીયા ખાતર સાથે અન્ય કોઈ ખાતર નહી આપવા અને આ આદેશનો આજથી જ અમલ કરવા આદેશ કર્યો હતો. મુખ્યમંત્રીએ કરેલા આદેશને કારણે રાજયના હજારો ખેડૂતોને ફાયદો થશે. આ બાબતે જિલ્લાના તમામ આગેવાનાએ પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલને મળીને પણ રજૂઆત કરી હતી.



## લીલીયામાં પોલીસ દ્વારા વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ અંગે માર્ગદર્શન અપાયું

લીલીયા,તા.૦૨



લીલીયામાં શ્રી અમૃતબા વિદ્યાલય ખાતે પોલીસ વિભાગના પી. આઈ આઈ. જે. ગીડા, પી. એસ. આઈ વાય. એમ. જાડેજાના માર્ગદર્શન તળે ધોરણ ૯થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને સાઈબર ક્રાઈમ જનજાગૃતિ અંતર્ગત માહિતી આપવામાં આવી હતી. આ તકે વીજ કંપનીના નામે થતા ફ્રોડ, ડુપ્લીકેટ સોશિયલ મીડિયા એકાઉન્ટ ફ્રોડ, સાવધાન સહિતની જીણવટભરી માહિતી વિદ્યાર્થીઓને વર્ગખંડમાં જઈ પોલીસ કર્મીઓ દ્વારા આપવામાં આવી હતી.

## અમરેલીમાં ઉડતા ટ્રેઈની વિમાન સામે તાકીદે પગલાં ભરવા કૌશિક વેકરીયાની કેન્દ્ર અને રાજ્ય સરકારને રજૂઆત

**શહેર ઉપર સતત ચકરાવો લેતા સિંગલ એન્જિન વિમાનોથી શહેરીજનોમાં ભય**

અમરેલી, તા.૦૨



અમરેલી શહેરના એરપોર્ટ પરથી પાયલોટ ટ્રેનિંગના ભાગરૂપે નાના સિંગલ એન્જિનના વિમાનો સતત શહેર માથે ચકરાવો લઈને ઊડતા હોવાના કારણે શહેરીજનોમાં ખૂબ જ ભયનો માહોલ ઉભો થયો છે. ગત દિવસોમાં એક ટ્રેની પાયલોટ વિમાન અમરેલી શહેરમાં તૂટી પડવાની ઘટના પણ બની હતી, જેમાં ચાલક પાયલોટનું મૃત્યુ થયું હતું. આથી, અમરેલી શહેરના અગ્રણીઓ અને વિવિધ નાગરિકો દ્વારા આ બાબતે યોગ્ય પગલાં ભરવા વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી. આ સંદર્ભે, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરિયાએ ભારત સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રી કે.આર. નાયડૂ અને રાજ્ય સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રી બળવંતસિંહ રાજપૂતને પત્ર લખીને પ્રજાજનોની રજૂઆત પરત્વે તાકીદે જરૂરી પગલાં ભરવા ભારપૂર્વક રજૂઆત કરી છે.

## અમરેલીમાં 'સુજલામ સુફલામ જળ અભિયાન ૨.૦' હેઠળ ૧૯૫ જળસંચયના કાર્યો પૂર્ણ

અમરેલી, તા.૦૨

ગુજરાત સરકારે જળસંચયમાં જનભાગીદારીને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી અમરેલી જિલ્લામાં 'સુજલામ સુફલામ જળ અભિયાન કેચ ધ રેઈન ૨.૦ - ૨૦૨૫' અંતર્ગત ૧૯૫ જળસંચયના કામો પૂર્ણ કર્યા છે. આ કાર્યોમાં ૭૯ કામો ૧૦૦% સરકારી અનુદાનથી, ૮૭ કામો ૬૦-૪૦% જનભાગીદારીથી, અને ૨૯ કામો નાગરિકો તથા દાતાઓના ૧૦૦% અનુદાનથી પાર પાડવામાં આવ્યા છે. જળ સંપત્તિ વિભાગ, પંચાયત,, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, તથા નગરપાલિકા સહિતની વિવિધ કચેરીઓએ સંકલન સાધીને આ સિદ્ધિ હાંસલ કરી છે. વરસાદી પાણીના સંગ્રહ અને ભાવિ પેઢીના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે નાગરિકોને આ અભિયાનમાં સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.

## લાઠી શહેરમાં 'વય વંદના કાર્યક્રમ' યોજાયો, સ્થળ પર જ આયુષ્યમાન કાર્ડ કાઢી અપાયા

લાઠી,તા.૦૨



સરકાર દ્વારા ૭૦ વર્ષથી વધુ વયના નાગરિકોની સ્વાસ્થ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્યથી શરૂ કરાયેલા 'વય વંદના કાર્યક્રમ' અંતર્ગત લાઠી શહેરમાં વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય જનકભાઈના કાર્યાલય "સમર્પણ" ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ૭૦ વર્ષથી વધારેની ઉંમરના લોકોને સ્થળ પર જ આયુષ્યમાન કાર્ડ કાઢી આપવામાં આવ્યા હતા. લાભાર્થીઓએ પોતાના મંતવ્યો વ્યક્ત કરી, સરકારની આયુષ્યમાન યોજના બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી. આ યોજના વૃદ્ધ નાગરિકોને આરોગ્ય સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવવામાં મદદરૂપ થઈ રહી છે. આ તકે લાઠી શહેર ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ સોનીએ આયુષ્યમાન કાર્ડ કાઢી આપવા માટે ખડેપગે સેવા આપનાર આરોગ્ય કર્મચારીઓની સુંદર સેવા બદલ તેમનો આભાર માન્યો હતો.

## સા.કુંડલા તાલુકામાં સરકારી પ્રાથમિક શિક્ષણ કથળ્યું હોવાની ફરિયાદ

સાવરકુંડલા, તા.૦૨



સાવરકુંડલા તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષણની સ્થિતિ કથળી રહી હોવાની ફરિયાદ સ્થાનિક જાગૃત નાગરિક નિર્મળ વાટલિયા સહિતના ગ્રામજનોએ સત્તાધિશો સમક્ષ કરી હતી. તાલુકા પંચાયતમાં તાલુકા શિક્ષણાધિકારીને તેમણે જણાવેલ કે, ભમર ગામ સહિત અન્ય ગામોમાં શિક્ષકો તથા આચાર્યની અછતના લીધે વિદ્યાર્થીઓ સરકારી શાળા છોડી રહ્યા છે અને વાલીઓ મજબૂરીમાં પોતાના બાળકોને ખાનગી શાળામાં ભણાવે છે. સરકારી શાળામાં કમ્પ્યુટરના કે વ્યાયામ શિક્ષક પણ નથી. મુખ્ય વિષયોના શિક્ષકો અન્ય કામગીરીમાં વ્યસ્ત રહેતા શૈક્ષણિક કાર્ય ખોરવાઈ ગયેલ છે. આ મુદ્દે શિક્ષણાધિકારી ખુદ સ્વીકારે છે કે તાલુકાની તમામ શાળાના મહેકમ પૈકી ૨૫ ટકા મહેકમ ખાલી છે તથા તાલુકાના ૮૫૦ના શિક્ષકોના મહેકમ પૈકી ૬૫૦ જ શિક્ષકો છે જ્યારે ૨૦૦ શિક્ષકોની ઘટ છે. આ સ્થિતિમાં ખાનગી શિક્ષણને પ્રોત્સાહન આપવાની નીતિ અપનાવવામાં આવી છે. ગ્રામજનોએ આવનારા ૨૦ દિવસમાં ભમર ગામ તથા તાલુકાની તમામ શાળામાં યોગ્ય વ્યવસ્થા કરવામાં નહિ આવે તો આંદોલનની ચીમકી આપી હતી.

## ખેડૂતોએ નેનો ખાતર લેવું ફરજિયાત નથી : દિલીપ સંઘાણી

અમરેલી, તા.૦૨



અમરેલી જિલ્લામાં યુરિયા અથવા ડીએપી ખાતર સાથે નેનો ખાતર ફરજિયાત આપતા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી હતી. આ અંગે ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે કોઈપણ ખેડૂતો માટે નેનો લેવું ફરજિયાત નથી અગાઉ પણ આ બાબતે મારી પાસે ફરિયાદો આવતા તત્કાલ સ્પષ્ટતા કરી છે. જો કોઈ આવી ફરિયાદ આપવાની માંગણી કરતું હોય તો તરત જ ઈફકોના ગુજરાત હેડ ગજેરાભાઈ અથવા મારી ઓફિસે જાણ કરવી.

## બાબરામાં રઘુવંશી મહિલા સંગઠનની સ્થાપના કરાઈ

બાબરા,તા.૦૨



બાબરા ખાતે લોહાણા સમાજની બહેનો માટે કોઈ સંગઠન ન હોવાથી, રઘુવંશી મહિલા સંગઠનની સ્થાપનાના હેતુથી જલારામ મંદિરમાં એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સંગઠનના પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી સમિતિની રચના કરવામાં આવી હતી.પ્રમુખની વરણી માટે કોઈ મનભેદ ન રહે તે માટે, હાજર રહેલી બહેનોના નામની ચિઠ્ઠીઓ બનાવીને જલારામ બાપાના ચરણોમાં મૂકવામાં આવી હતી. પાંચ વર્ષના બાળક દ્વારા ચિઠ્ઠી ઉપાડવામાં આવતા, પ્રમુખ તરીકે નીતાબેન દિપકભાઈ સૂચકનું નામ જાહેર થયું.ત્યારબાદ બીજી મીટિંગમાં ઉપપ્રમુખ અને કારોબારી સમિતિની રચના કરવામાં આવી. જેમાં આરતીબેન ખખરની ઉપપ્રમુખ તરીકે વરણી કરવામાં આવી. કારોબારી સમિતિમાં છાયાબેન એસ. માનસેતા, વર્ષાબેન ખખ્ખર, સોનલબેન ડી. જસાણી, અંજલીબેન જે. પલાણ, રીટાબેન કારિયા, શ્વેતાબેન પોપટ, વૈશાલીબેન સેદાણી અને નિશાબેન ખખ્ખરનો સમાવેશ કરાયો. સિનિયર સિટીઝન વિભાગમાં મનીષાબેન સેદાણી, જીજ્ઞાસાબેન પોપટ, ચંદ્રાબેન રૂપારેલિયા, ભાવનાબેન વણજારા અને રેખાબેન પોપટની વરણી કરવામાં આવી હતી.









### //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી નં.૯૨/૨૦૨૫

અરજદાર :- શ્રી ઈસ્માઈલ એહમદ ડાયાતર
રહે. મુંબઈ
**વિરૂધ્ધ**
સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. ચાંદગઢ, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચાંદગઢ ગામમાં અરજદારશ્રી ઈસ્માઈલ એહમદ ડાયાતર તેઓના પુત્રી વહિદા ઈસ્માઈલ ડાયાતર ની જન્મ (તા.૦૧/૦૬/૧૯૭૪) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય




# રાજુલા-સાવરકુંડલા વચ્ચે ૪૦ ખાડાઓથી વાહનચાલકો તોબા પોકારી ઉઠ્યા


તસવીર : ગોપાલ રાઠોડ

અમરેલી,તા.૦૨

રાજુલા-સાવરકુંડલા હાઈવે પર ૪૦થી વધુ ખાડાઓ પડ્યા છે. રાજ્ય સરકારના આદેશ છતાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. થોડા દિવસો પહેલા કેટલાક ખાડાઓમાં માત્ર માટી નાખવામાં આવી હતી. પરંતુ વરસાદને કારણે સ્થિતિ વધુ બગડી છે. રાજુલા બાયપાસ વિસ્તારમાં પણ મોટા ખાડાઓ પડ્યા છે. સાવરકુંડલાથી અમરેલી નેશનલ હાઈવે પર પણ આવી જ સ્થિતિ છે. રાહદારીઓએ સરકાર પર આક્ષેપ કર્યો છે કે મોટા નેતાઓના આગમન વખતે રાતોરાત ખાડા પુરાય છે, પરંતુ સામાન્ય દિવસોમાં કોઈ ધ્યાન આપતું નથી. વાહનચાલકોની માગ છે કે તાત્કાલિક ધોરણે ખાડાઓ પૂરવામાં આવે અને માર્ગનું સમારકામ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

**ખખડધજ રસ્તાઓને કારણે વાહનચાલકોને અકસ્માતનો ભય**

# રોટરી ક્લબ ઓફ અમરેલી ગીર દ્વારા રાષ્ટ્રીય ડૉક્ટર્સ ડે અને CA ડે નિમિત્તે સેવાભાવીઓનું સન્માન



અમરેલી,તા.૦૨

રાષ્ટ્રીય ડૉક્ટર્સ ડે અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ડે નિમિત્તે, રોટરી ક્લબ ઓફ અમરેલી ગિર દ્વારા શહેરના પ્રતિષ્ઠિત તબીબો અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સનું વિશેષ સન્માન કરવામાં આવ્યું. ક્લબના સભ્યો દ્વારા તેમની ઓફિસ ખાતે રૂબરૂ જઈને પુષ્પગુચ્છ અને સન્માનપત્ર આપીને આત્મીય અભિવાદન પાઠવવામાં આવ્યું હતું.આ પ્રસંગે રોટરી ક્લબ ઓફ અમરેલી ગિરના પ્રમુખ રોટેરિયન ત્રિલોક ભટ્ટ, સેક્રેટરી રોટેરિયન નિરવ ઝીંઝુવાડિયા સહિત ક્લબના અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. રોટરી ક્લબ દ્વારા ડૉક્ટરોના આરોગ્યક્ષેત્રમાં કરેલા બેમિસાલ યોગદાન અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સના નાણાકીય માર્ગદર્શન બદલ આ આત્મીય અભિનંદન પાઠવવામાં આવ્યું હતું. રોટરીની આ માનવીય પહેલને વિવિધ ડૉક્ટરો અને C.A.દ્વારા ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો અને તેમના દ્વારા રોટરીના આ પ્રયાસની પ્રશંસા કરવામાં આવી હતી.

# વડીયા: એટ્રોસીટીના કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો થયો

**વકીલ એન.જી.બગડા અને એમ.એમ.કટારીયાની દલીલો કોર્ટે ગ્રાહ્ય રાખી**

અમરેલી,તા.૦૨

વડીયા પોલીસ સ્ટેશનમાં એટ્રોસીટી એક્ટની કલમ મુજબ ફરીયાદ દાખલ થતા આ કામે આરોપી તરીકે સુનીલ નાનજીભાઈ માંડવીયાની અટક કરવામાં આવી હતી. જેથી આ અંગે ચાર્જશીટ અદાલતમાં રજૂ કરવામાં આવી હતી અને ત્યારબાદ કેસ અદાલતમાં ચાલી જતા તમામ પુરાવાઓનું મુલ્યાંકન કરી નામદાર કોર્ટ દ્વારા આરોપીને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

ઉપરોકત કેસમાં આરોપી તર્ફે વકીલ નિર્મલકુમાર જી.બગડા અને મનસુખભાઈ એમ.કટારીયા રોકાયેલા હતા.

# અમરેલીમાં વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ અંગે માહિતગાર કરાયા



અમરેલી,તા.૦૨

સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, અમરેલી દ્વારા કે.કે. પારેખ અને આર.પી. મહેતા વિદ્યાલય, અમરેલી ખાતે સાયબર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. હેડ કોન્સ્ટેબલ નૈતિકભાઈ બાબરીયા અને પોલીસ કોન્સ્ટેબલ સમીરભાઈ ખાન દ્વારા વિદ્યાર્થીઓને સાયબર લગત માહિતી આપતી પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ લોકો સાથે થતા વિવિધ પ્રકારના સાયબર ફ્રોડ, જેમ કે સ્ક્રીન શેરિંગ એપ, OTP ફ્રોડ, કસ્ટમર કેર નંબર ફ્રોડ, શિપિંગ શુલ્ક, ન્યુડ વીડિયો કોલ અને આર્મીમેનનું નામ ધારણ કરીને થતી છેતરપિંડી અંગે જાગૃતિ લાવવાનો હતો. લોકોને આવા ફ્રોડનો ભોગ બનતા અટકાવવા અને સાયબર ક્રાઈમથી સુરક્ષિત રહેવા માટે જરૂરી માહિતી સાથે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, અમરેલી દ્વારા જિલ્લાના તમામ નાગરિકોને સાયબર ક્રાઈમથી સુરક્ષિત રહેવા માટે અપીલ કરવામાં આવી હતી.

# જિલ્લામાં તા. ૧૧ જુલાઈ સુધી સભા, સરઘસ અને હથિયારબંધી

અમરેલી,તા.૦૨

જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહ-શાંતિ જળવાઈ રહે તે હેતુથી ગુજરાત પોલીસ દ્વારા અમરેલી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે, જે અમરેલી જિલ્લામાં તા.૧૧ જુલાઈ સુધી અમલી રહેશે. જિલ્લામાં સભા-સરઘસ હથિયારબંધી, છટાદાર ભાષણ આપવા અને કોઈપણ સ્ફોટક પદાર્થો લઈ જવા સહિતની બાબતો પ્રતિબંધિત રહેશે. આ ઉપરાંત વ્યક્તિઓ અથવા તેના શબ અથવા પૂતળા દેખાડવાની, લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની મનાઈ છે. આ ઉપરાંત જિલ્લામાં સંબંધિત સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી કે પરવાનગી સિવાય કોઈ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની તેમજ સંબંધિત તાલુકા એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી-પરવાનગી સિવાય લાઉડ સ્પીકર વગાડવા પ્રતિબંધિત છે. આ જાહેરનામાનો ભંગ કરનાર સજા અને દંડને પાત્ર છે.

# અમરેલી જિલ્લામાં તા. ૧૯ જુલાઈએ સંકલન અને ફરિયાદ સમિતિ બેઠક યોજાશે

અમરેલી,તા.૦૨

અમરેલી, તા.૦૨ જુલાઈ, ૨૦૨૫ (બુધવાર) અમરેલી જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને અને જનપ્રતિનિધીશ્રીઓની ઉપસ્થિતિમાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાશે. તા.૧૯ જુલાઈ, ૨૦૨૫ને બુધવારના રોજ સવારે ૧૧ વાગ્યે જિલ્લા સેવા સદન (કલેકટર કચેરી) ખાતે યોજાનાર આ બેઠકમાં લોક પ્રતિનિધિઓ અને અધિકારીઓ સાથે નાગરિકોના પ્રશ્નોની ચર્ચા થશે.નિકાલ બાકી હોય તેવા કાગળ, અવેઈટ અને બાકી પેન્શન કેસ, વસૂલાત, નાગરિક અધિકાર પત્ર તળેની અરજીઓ, રજૂઆતોના નિકાલ અને વિવિધ અરજીઓ માટે કરવાની કાર્યવાહીની ચર્ચા અને સમીક્ષા સહિતની બાબતોને સંકલન સમિતિમાં આવરી લેવામાં આવશે, તેમ અમરેલી જિલ્લા કલેકટર કચેરીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# લાખાપાદર ગામના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ અપાઈ



અમરેલી,તા.૦૨

અમરેલી જિલ્લાના કુંકાવાવ-વડીયા તાલુકાના લાખાપાદર ગામના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન અંતર્ગત આયોજિત આ તાલીમમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના મુખ્ય પાંચ આયામ એવા જીવામૃત, બીજામૃત, ઘનજીવામૃત, અચ્છાદન અને વાપ્સા વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. તદઉપરાંત ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના ઉત્પાદનોનું વેચાણ- માર્કેટિંગ વિશે પણ વ્યાપક સમજ આપવામાં આવી હતી. અમરેલી આત્મા પ્રોજેક્ટના દિલીપભાઈ ચાવડા, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના એગ્રિ આસિસ્ટન્ટ જનક ચાવડા, રિસોર્સ પર્સન વૈશાલીબેન ચાવડા અને માર્કેટિંગ કન્સલ્ટન્ટ ધ્રુવ દેસાઈ દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ સંદર્ભે જરુરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અમરેલી આત્મા પ્રોજેક્ટના માર્ગદર્શન અને સંકલન હેઠળ કૃષિ સખી અને કોમ્યુનિટી રિસોર્સ પર્સને આ તાલીમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.


**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ**

PGVCL

રજી. અને કોર્પોરેટ ઓફિસ, ''પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન''

નાના મવા મેઈન રોડ,લક્ષ્મીનગર, રાજકોટ-૩૬૦ ૦૦૪

CIN : U40102GJ2003SGC042908; ફોનઃ (૦૨૮૧) ૨૩૮૦૪૨૫/૨૭ ફેક્સઃ ૨૩૮૦૪૨૮

Email: info.pgvcl@gebmail.com; Web site: www.pgvcl.com

**જાહેર નિવેદા**

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (PGVCL) ના માનવંતા વીજ ગ્રાહકોને જણાવાનું કે જે વીજ થાંભલા પરથી વીજ જોડાણ આપવામાં આવેલ હોય તે સિવાયના PGVCL ના વીજ માળખાં/ અન્યના વીજ જોડાણ માંથી પોતાની રીતે અથવા અન્ય કોઈ રીતે બિનઅધિકૃત વીજ જોડાણ કરવું ગેરકાયદેસર છે. આ રીતે બિનઅધિકૃત વીજ જોડાણ કરવાથી વીજ માળખામાં કામગીરી કરતા PGVCLના કર્મચારી અને ઠેકેદાર દ્વારા લાઈન બંધ કરેલી હોવા છતા રીટન પાવર આવવાની શકયતા રહેલી છે અને આથી વીજ કર્મચારી/ ઠેકેદારોના માણસોને પ્રાણઘાતક અકસ્માત થઈ શકે છે. તેમજ તાજેતરમાં બિનઅધિકૃત વીજ જોડાણ ના લીધે વીજ કર્મચારીના પ્રાણઘાતક અકસ્માતના દુ:ખદ કિસ્સાઓ બનેલ છે જેથી ગ્રાહક/આસામી સામે પોલીસ ફરીયાદ કરવામાં આવેલ છે. આ ગેરકાયદેસર કામ કરનારને જેલની સજા થઈ શકે છે.

**જિંદગી અમુલ્ય છે તેને જોખમમાં ન મુકો- સલામતી અપનાવો જિંદગી બચાવો**

તા. 03/07/૨૦૨૫ — મુખ્ય ઈજનેર (ટેક), પીજીવીસીએલ,રાજકોટ



અમરેલીના અતિ વિકસિત એવા ૪-લેન લીલીયા રોડ ઉપર

**ફક્ત ૩૫ મકાનની પેક સોસાયટી**




**રાધેશ્યામ નગરી** — સિમંધર સોસાયટીની બાજુમાં, લીલીયા રોડ, અમરેલી

**રૂા.૧,૮૦,૦૦૦/- ની સબસીડી મળવાપાત્ર**

ઉપલબ્ધ સુવિધાઓ

● પાણી, સ્ટ્રીટલાઈટ, ડ્રેનેજ તથા ૨૫-ફુટનો ઈન્ટરનલ રોડની ઉતમ સુવિધા સાથે ● સ્ટાન્ડર્ડ કંપનીના પાઈપ ફીટીંગ તથા મોડયુલર સ્વીચ બોર્ડ અને ઈલેક્ટ્રીક વાયરીંગ ● ટાઈટલ કલીયર અને લોનેબલ ● SBI અને બેંક ઓફ બરોડાની લોન મળવાપાત્ર

સંપર્ક: મો. ૭૦૧૬૨ ૩૦૦૨૧, ૯૭૨૩૦ ૭૪૦૮૯



**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ**

PGVCL

રજી. અને કોર્પોરેટ ઓફિસ, ''પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન''

નાના મવા મેઈન રોડ,લક્ષ્મીનગર, રાજકોટ-૩૬૦ ૦૦૪

CIN : U40102GJ2003SGC042908; ફોનઃ (૦૨૮૧) ૨૩૮૦૪૨૫/૨૭ ફેક્સઃ ૨૩૮૦૪૨૮

Email: info.pgvcl@gebmail.com; Web site: www.pgvcl.com

**વીજ અકસ્માત અટકાવવા માટે નાગરિકોએ ધ્યાનમાં રાખવાની અગત્યની બાબતો**

વીજ વિક્ષેપ અંગે ગ્રાહક સુવિધા કેન્દ્રના ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૧૫૫૩૩૩ નો સંપર્ક કરો તેમજ અન્ય નં. ૧૯૧૨૨ પર સંપર્ક કરવો

૧. દરેક બાંધકામનું ઈલેક્ટ્રિકલ નેટવર્ક થી સલામત અંતર જાળવવું જરૂરી છે અન્યથા વીજઅકસ્માત થઈ શકે છે.
૨. ભારે / મોટા વાહનચાલકો જેવા કે બસ, ટ્રક, હાઈડ્રોલીક ડમ્પર તથા ઉંચાઈ વાળા ભારે વાહનોને વીજલાઈનની નીચે/ નજીક ઉભા રાખવા નહિ.
3. ભીના હાથે સ્વીચો / પ્લગોને ના અડકવું. વીજ થાંભલા, ડીસ્ટ્રીબ્યુશન બોક્ષ, ટ્રાન્સફોર્મર સેન્ટર, લાઈન વિગેરેને અડકવું નહી અને તેનાથી દુર રહેવું, વીજ થાંભલા કે તેના તાણીયા સાથે ઢોર ને બાંધવા નહિ કે કપડા સૂકવવા માટે દોરી બાંધવી નહી.
૪. ઈલેક્ટ્રિક શોકથી બચવા યોગ્ય ક્ષમતાની ISI માર્કવાળા RCCB/ELCB તેમજ ઓવરલોડ/ શોર્ટ સર્કીટથી બચવા યોગ્ય ક્ષમતાની MCCB/ ફ્યુઝ વાપરવા જરૂરી છે
૫. વાડી/ખેતરની ફરતે કે વીજલાઈનની નીચે સળંગ ધાતુની ફેન્સીંગ ન કરો તથા તેમાં વીજ જોડાણમાંથી વીજ પ્રવાહ પ્રસારિત ન કરો. તે મુજબ વીજ પ્રવાહ પસાર કરવાથી કોઈ વન્ય પ્રાણી/ મનુષ્યને વીજઅકસ્માત થઈ શકે છે.

**જિંદગી અમુલ્ય છે તેને જોખમમાં ન મુકો- સલામતી અપનાવો જિંદગી બચાવો**

તા. 03/07/૨૦૨૫ — મુખ્ય ઈજનેર (ટેક), પીજીવીસીએલ,રાજકોટ


## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૪૦/૨૦૨૫ — તા.૨૪/૦૫/૨૦૨૫

શ્રી શારદાબેન મોહનભાઈ ભૂવા વા.ઓ. હરદાસભાઈ વાવૈયા
રહે. ખીજડીયા, તા. વિસાવદર, જી. જુનાગઢ .........અરજદાર

વિરુધ્ધ

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને,
તલાટી કમ મંત્રીશ્રી - કાલસારી, તા. વિસાવદર ......સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી શારદાબેન મોહનભાઈ ભુવા વા.ઓ. હરદાસભાઈ વાવૈયા રહે. ખીજડીયા, તા. વિસાવદર, જી. જુનાગઢ એ તેમના માતૃશ્રી કડવીબેન મોહનભાઈ ભૂવાનુ મરણ તા. ૦૭/૦૫/૨૦૦૪ ના રોજ વિસાવદર તાલુકાના કાલસારી મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, કાલસારી, તા. વિસાવદર ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, કાલસારી, તા. વિસાવદર ના મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૪ મી જુન ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યુ.

તૈયાર કરનાર
સહી
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર વિસાવદર

કોર્ટનો સીક્કો

હુકમથી
સહી
(એન.બી. લાંઘણોજા)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

## અવસાન નોંધ

**રાજકોટ**

સ્વ. ગીરીશભાઇ જમનાદાસભાઇ સેજપાલ (ઉ.વ.૫૯) તેઓ સ્વ.જમનાદાસ કરશનજીભાઇ સેજપાલ તથા સ્વ. સરસ્વતીબેન જમનાદાસ સેજપાલના પુત્ર ગીરીશભાઈ જમનાદાસભાઈ સેજપાલ, તે પુનીતાબેનના પતિ, પ્રિયંકા અને મંથનના પિતાશ્રી, જયેશભાઇ, રાજનભાઈ તથા દક્ષાબેન જીતેન્દ્રકુમાર કુંડલીયાના ભાઇ, ધ્વનિલકુમાર અતુલભાઇ રૂપારેલીયાના સસરા, તે હરગોવિંદભાઇ કરશનજીભાઇ સેજપાલના ભત્રીજા, તે રમેશભાઈ, બીપીનભાઈ, ભરતભાઈ ઘનશ્યામભાઇ તથા પંકજભાઇના ભાઇ, તે સ્વ.કાનજીભાઇ ખોડીદાસભાઈ પુજારાના ભાણેજ, તે સ્વ.અમૃતલાલ દેવચંદભાઈ ભોજાણી (મોરબીવાળા)ના જમાઇ, તે જીયા, પરલ, ધીયાના મોટા પપ્પા, તે શ્રદ્ધાબેન, જીગરભાઇના મામાનું તા.૨૮-૦૬-૨૦૨૫, શનિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદ્ગતની પ્રાર્થનાસભા તથા પિયરપક્ષની સાદડી તા.૦૩-૦૭-૨૦૨૫, ગુરૂવાર, સાંજે ૫ થી ૬, પારસ કોમ્યુનીટી હોલ, નિર્મલા સ્કુલની સામેની શેરી, રાજકોટ ખાતે રાખેલ છે.

**બગસરા**

સૌરાષ્ટ્ર ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સ્વ. કુંદનબેન કાંતિભાઈ ત્રિવેદી ઉ.વ. ૮૬ નું તા. ૦૨/૦૭/૨૦૨૫ને બુધવાર ના રોજ દુ:ખદ અવસાન થયું છે . જે ઘનશ્યામભાઈ, ચંદ્રેશભાઈ, શાસ્ત્રી મનોજભાઈના માતુશ્રી થાય. સદગતનું બેસણું તા.૦૩/૦૭/૨૦૨૫ ને ગુરુવાર ના રોજ બપોર ના ૪ થી ૬ સમસ્ત બ્રહ્મ સમાજ વાડી બગસરા ખાતે રાખેલ છે

**સાવરકુંડલા**

ઇન્દુબેન અરવિંદભાઈ રાઠોડ(ઉ.વ.૫૯) તે સ્વ. અમૃતલાલ પ્રાગજીભાઈ દાવડા મોટા ભાઈ થાય. તેમનું તા.૨૭/૬/૨૫ ને શુક્રવાર ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે સદગતની સાદડી તા.૩/૭/૨૫ ને ગુરુવાર ના રોજ ૪ થી ૬ કલાકે તેમના નિવાસ સ્થાન હાથસણી રોડ ખોડિયાર ચોક મેલડી ધામ મંદિર ની સામે "અવધ" સાવરકુંડલા ખાતે રાખેલ છે

**સાવરકુંડલા**

મરહુમ હુસેનભાઇ અલારખભાઈ સૈયદ(ઉ.વ.૭૪) તે મહમદભાઈ હુસેનભાઇ સૈયદના પિતાશ્રી તા.૩૦/૬/૨૫ સોમવાર ના રોજ અલ્લાની રહેમત મા પહોંચી ગયેલ છે સદગતના બેસણું તા.૩/૭/૨૫ ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે વિંઝુડા વાસ સહજાનંદ મોટર રીવાઇડીંગની સામેની ગલીમાં રેલ્વે સ્ટેશન રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.


**નામ બદલાવેલ છે**

હું આથી જાહેર કરું છું, જીગ્નેશભાઈ ભૂપતભાઈ પનારા મારું જૂનું નામ અને સરનામુ બદલાવેલ છે. મારુ જુનુ નામ જીગ્નેશ ભૂપતભાઈ પનારા અને સરનામુ - બ્લોક નં -૩૯, સુખનિવાસ કોલોની, અમરેલી-૩૬૫૬૦૧ માંથી જીગ્નેશભાઈ ભૂપતભાઈ પનારા અને સરનામુ વિદ્યાનગર, લાઠી રોડ, અમરેલી -૩૬૫૬૦૧ કરેલ છે. તેથી હવેથી હું આ નામ અને સરનામુ થી ઓળખાઉં છું


## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી**

નં.જન્મ નોંધણી/ અરજી નં.૯૬/૨૦૨૫ — તા.૨૬/૦૬/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. અરૂણાબેન અશોકભાઈ વ્યાસ
રહે. ઈંગોરાળા ડાંડ તા. લીલીયા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી નગરપાલીક કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી ગાયત્રીબેન અશોકભાઈ વ્યાસનો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૬ ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૫/૦૭/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

### ચેરમેન અશ્વિન સાવલીયા અને જિલ્લા રજિસ્ટ્રારની હાજરીમાં

# અમર ડેરીમાં આંતરરાષ્ટ્રીય સહકારી દિવસ નિમિત્તે સેમિનાર યોજાયો

**સહકારી દૂધ મંડળીના મંત્રીઓ સહિત કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા**

અમરેલી,તા.૦૨

અમરેલીની અમર ડેરીમાં આંતરરાષ્ટ્રીય સહકારી દિવસ અને સહકાર સપ્તાહ ઉજવણી નિમિત્તે ૦૨ જુલાઈના રોજ અમર ડેરીના ચેરમેન અશ્વિન સાવલીયાના અધ્યક્ષ સ્થાને સેમિનાર યોજાયો હતો. આ તકે જિલ્લા રજિસ્ટ્રાર ઉપસ્થિત રહ્યા હતા. આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ ૨૦૨૫ અને ભારત સરકારમાં સહકાર મંત્રાલયના ચોથા સ્થાપના દિવસ નિમિત્તે આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં મોડલ ઓડિટ એ ક્સરસાઈઝ, એમ્બ્રિયો



ટ્રાન્સફરથી ET, ગાય અને મધમાખી પાલન દ્વારા પ્રાકૃતિક ખેતી,૧૨ અને ૫૦ દુધાળા પશુઓની યોજનાનો લોન મેળો, AH કિસાન ક્રેડિટ કાર્ડ, ઉભરતી તકનીકો વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા રજિસ્ટ્રાર સંદીપ અણીયાણી, અમરડેરીનાં MD ડો.આર. એસ. પટેલ, GM ડી.આર.રામાણી, ડો. દેસાઈ, ડો.કામદાર,અમુલ ફેડરેશનના અધિકારી ડો. ચાવડા, અપૂર્વ સુથાર સહિત વિભાગીય અધિકારીઓ, કર્મચારીઓ, ગોપાલકમિત્રો, સહકારી દૂધ મંડળીના મંત્રીઓ સહિત કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

# કરકોલીયા ગામે આયુષ્માન વડીલ વય વંદના કેમ્પ યોજાયો

અમરેલી,તા.૦૨

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-ચાવંડ દ્વારા કરકોલીયા ખાતે આયુષ્માન ભારત અંતર્ગત આયુષ્માન વય વંદના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં લાઠી તાલુકા ભાજપ પ્રમુખ પરેશભાઈ કનાળા, કરકોલીયા ગામના સરપંચ રાવતભાઈ ડેર અને શીવાભાઈ ગોહિલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.



કેમ્પ દરમિયાન ૭૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને સ્થળ પર જ આયુષ્માન કાર્ડ કાઢી આપવામાં આવ્યા હતા. પરેશભાઈ કનાળાએ જે વડીલોના કાર્ડ બાકી હોય તેમને વહેલી તકે કાર્ડ કઢાવી લેવા અનુરોધ કર્યો હતો. સરપંચ રાવતભાઈ ડેરની જહેમતથી ૯૦% જેટલી કામગીરી પૂર્ણ થઈ હતી.

# દામનગરમાં મોબાઈલ પર ક્રિકેટનો સટ્ટો રમાડતો વેપારી ઝડપાયો

લાઠી, તા.૦૨

દામનગરમાં પોલીસે મોબાઈલ પર ક્રિકેટનો સટ્ટો રમાડતાં વેપારીને ઝડપીને કુલ રૂપિયા ૧૨,૩૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. નવીનભાઈ ભીમજીભાઈ ચુડાસમા બજરંગ વિસ્તારમાં આવેલા લીમડાના ઝાડ નીચે તેના મોબાઈલ ફોનમાં હારજીતનો ક્રિકેટનો સટ્ટો રમાડતો હતો. તેની પાસેથી રોકડા ૧૪૦૦ તથા મોબાઈલ મળી ૬૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત સટ્ટો રમવા આવેલા કાંચરડી ગામના શ્રીકાંતભાઈ ઉર્ફે કાળુભાઈ નાનજીભાઈ સિંધવ પાસેથી મોબાઈલ તથા રોકડા મળી ૫૯૨૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે કુલ મળીને રૂ.૧૨,૩૨૦નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે આર સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરામાં સુવાળીયા ઠાકોર સમાજ દ્વારા વેલનાથ બાપુનો પ્રાગટ્ય મહોત્સવ ઉજવાયો

બાબરા, તા.૦૨


બાબરા ખાતે વર્ષોની પરંપરા મુજબ, અષાઢી બીજના પાવન પર્વ નિમિત્તે સમસ્ત સુવાળીયા ઠાકોર સમાજ અને વેલનાથ પ્રગતિ મંડળના સંયુક્ત ઉપક્રમે સુવાળીયા ઠાકોર સમાજના ધર્મગુરુ વેલનાથ બાપુના પ્રાગટ્ય મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણીના ભાગરૂપે સવારે વેલનાથ બાપુનું પૂજન-અર્ચન અને



મહાઆરતી બાદ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રામાં બાબરા, અમરાપરા સહિત તાલુકાભરમાંથી મોટી સંખ્યામાં સમાજના ભાઈઓ, બહેનો અને બાળકો જોડાયા હતા. વાજતે-ગાજતે અને વેલનાથ બાપુના જયઘોષ સાથે શોભાયાત્રા શહેરની બજારો અને મુખ્ય માર્ગો પર ફરી વળી હતી. લોકો દ્વારા ઠેર ઠેર વેલનાથ બાપુની શોભાયાત્રાના દર્શન કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. સમગ્ર શોભાયાત્રા દરમિયાન બાબરા પોલીસ દ્વારા કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. બપોરે શોભાયાત્રા પૂર્ણ થયા બાદ મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

# ખાંભાના મોટા બારમણ ગામે સિંહણે તરાપ મારી બે પશુને ફાડી ખાધા

અમરેલી,તા.૦૨



ખાંભા તાલુકાના મોટા બારમણ ગામમાં રાત્રિના સમયે સિંહણની લટાર જોવા મળતાં ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો છે. સિંહણે બે પશુનો શિકાર કર્યો હતો. CCTVમાં જોવા મળી રહ્યું છે કે માનવ વસાહતની નજીક દીવાલની બાજુમાં બે પશુ ઊભા હતા. આ દરમિયાન એક સિંહણ ત્યાં આવી પહોંચી હતી. સિંહણે પ્રથમ એક પશુનું ગળું દબોચી એનો શિકાર કર્યો હતો. ત્યાર બાદ ભાગી રહેલા બીજા પશુને પણ પકડી લીધું હતું. બંને પશુ થોડીવાર તડપ્યાં બાદ મૃત્યુ પામ્યાં હતાં.

# કોઠા પીપરીયા પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી તથા શાળા પ્રવેશોત્સવ યોજાયો

ધારી, તા.૦૨

ધારી તાલુકાની શ્રી કોઠા પીપરીયા પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી તથા શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અધિકારી તરીકે જિલ્લા આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વિનભાઈ કુજડિયા સાથે લાયઝન અધિકારી રસિકભાઈ મકવાણા તથા ગામના સરપંચ કરણભાઈ વાળા, SMC અધ્યક્ષ કપિલભાઈ પટોળીયા અને



અગ્રણીઓ તથા વાલીઓએ બહોળી સંખ્યામાં આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.શાળામાં આંગણવાડી, બાલવાટિકા તથા ધોરણ એક માં પ્રવેશ પામતા બાળકોને શૈક્ષણિક કીટ આપીને પ્રવેશ અપાયો હતો. આ તકે શાળામાં રાષ્ટ્રીય કક્ષાએ વિજ્ઞાન મેળામાં સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું .

# ધારીની મનમંદિર શાળામાં સુલેખન સ્પર્ધા યોજાઈ



તસવીર : સંજય વાળા

ધારી, તા.૦૨

ધારીના શ્રી મનમંદિર શૈક્ષણિક સંકુલ ખાતે આજે સુલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાલમંદિરથી લઈને ધોરણ-૧૦માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાનું સંપૂર્ણ આયોજન રાજ્યગુરુ જાનવીબેન, ગોંડલીયા શ્રુતિબેન અને રામસાહેબે કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા શાળાના સમગ્ર સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હોવાનું સંસ્થાના આચાર્ય વ્યાસ પ્રિયંકાબહેને જણાવ્યું હતું.

# ધારીમાં ચામડીના રોગથી કંટાળી યુવકે ગળાફાંસો ખાધો

અમરેલી, તા.૦૨

અમરેલી જિલ્લામાં અપમૃત્યુના ત્રણ બનાવ બન્યા હતા. રાજકોટના જસદણ તાલુકાના ગઢડીયા ગામના જાગાભાઈ રામાભાઈ લેલાએ જાહેર કર્યા મુજબ, ચમારડીથી વાવડી વચ્ચે પાણીના ટાંકા પાસે ધનજીભાઈ રામભાઈ લેલા (ઉ.વ.૩૬)એ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતાં સારવાર દરમિયાન મોત થયું હતું. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ વાય આર ડેર વધુ તપાસ કરી રહ્યા છે. ધારીમાં રહેતા રોહિતભાઈ રમેશભાઈ ચૌધરીએ જાહેર કર્યા મુજબ, રમેશભાઈ ચીમનભાઈ ચૌધરી (ઉ.વ.૪૨)ને છેલ્લા છ મહિનાથી ચામડીનો રોગ હતો. જેનાથી કંટાળી જઈ પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતાં મરણ પામ્યા હતા. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી જે વાળા વધુ તપાસ રહ્યા છે. અમરેલીમાં બહારપરામાં

**અમરેલીમાં નાળામાં પડી જવાથી યુવકનું મૃત્યુ**

હરી આલાના નાળા પાસે રહેતા દિપકભાઈ પ્રવીણભાઈ રૂખડાએ જાહેર કર્યા મુજબ,લલીતભાઈ પ્રવીણભાઈ રૂખડા (ઉ.વ.૩૦)નું હરીઆલાના નાળામાં પડી જવાથી મોત થયું હતું. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ બી મારૂ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: આઠમ
તા.૦૩-૦૭-૨૦૨૫, ગુરૂવાર, સૂર્યોદય-૦૫:૨૭,
સૂર્યાસ્ત-૦૭:૨૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: હસ્ત

## દૈનિક રાશિફળ

તા.૦૩-૦૭-૨૦૨૫ ગુરૂવાર

મેષ: આજનો દિવસ સંતોષપૂર્ણ અને શાંતિપૂર્ણ બની રહી શકે છે. સરકાર અને સત્તા વચ્ચેના જોડાણનો લાભ તમને મળી શકે છે.

વૃષભ: આજનો દિવસ પુત્ર, પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં વિતાવશો. વિવાહિત જીવનમાં ઘણા દિવસોથી ચાલી રહેલી સમસ્યા સમાપ્ત થઈ જશે.

મિથુન: તમારે કડવાશને મીઠાશમાં રૂપાંતરિત કરવાની કળા શીખવી પડશે. તમને તમારા જીવનસાથી તરફથી સહયોગ મળશે.

કર્ક: આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ તમને મળશે. સાસરિયા તરફથી પૂરતી રકમ મળી શકે છે.

સિંહ: આજે તમારી આસપાસ કોઈ સુખદ વાતાવરણ રહેશે. કેટલાક મોટા વ્યવહારોની સમસ્યા જે ઘણા દિવસોથી ચાલી રહી છે તે ઉકેલાઈ શકે છે.

કન્યા: આજે તમારો દિવસ મિશ્રિત રહેશે, પરંતુ સ્વાસ્થ્ય નરમ રહેશે. કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને તમારે અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે.

તુલા: આજે કોઈ કિંમતી વસ્તુની ચોરીનો ભય રહેશે. બાળકોના શિક્ષણમાં અથવા કોઈપણ સ્પર્ધામાં સફળતાના સમાચારોને લીધે મનમાં આનંદ થશે.

વૃશ્ચિક: આજે સ્વાસ્થ્યનું વધુ ધ્યાન રાખવું પડશે. વાયુ વિકારની ફરિયાદો હોઈ શકે છે. બ્લડ પ્રેશરના દર્દીઓના રોગમાં વધારો થઈ શકે છે.

ધન: આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી બનશે.

મકર: આજની સ્થિતિમાં મન વિચલિત રહી શકે છે. આવકના નવા સ્રોત સર્જાશે પરંતુ માનસિક મૂંઝવણને કારણે તમે લાભથી વંચિત રહી શકો છો.

કુંભ: આજે તમને ભાગ્યનો સહયોગ મળશે. રોજગાર-વ્યવસાયના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં કલ્પનાત્મક સફળતા પ્રાપ્ત થશે.

મીન: આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારી રહેશે.

### ખાંભાના વાંગધ્રા ડુંગરપરા વિસ્તારનો બનાવ

# પ્રેમ સંબંધમાં દિકરીને ભગાડવાની શંકા રાખી ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપતાં મહિલાએ ઝેરી દવા પીધી

**મનમાં લાગી આવતાં પરિણીતાએ પગલું ભર્યું**

ખાંભા, તા. ૦૨

ખાંભાના વાંગધ્રા ડુંગરપરા વિસ્તારમાં એક મહિલાએ ચોંકાવનારું પગલું ભર્યું હતું. પ્રેમ સંબંધમાં દિકરીને ભગાડવામાં મહિલા તથા તેના પરિવારનો હાથ હોવાની શંકા રાખી ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી હતી. જેથી મહિલાને મનમાં લાગી આવતાં ઘાસમાં છાંટવાની ઝેરી દવા પીધી હતી. બનાવ અંગે અસ્મિતાબેન લાલજીભાઈ જોગદીયાએ ભાનુબેન રમેશભાઈ જોગદીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના મામાજીના દિકરા વનરાજભાઈએ આરોપીની દિકરી સાથે પ્રેમ સબંધ હોવાથી ભગાડી ગયો હતો. જે બાબતે ખાંભા પો.સ્ટેમાં ગુનો નોંધાયો હતો. આરોપીની દિકરીને ભગાડવામા તેમણે તથા તેના પરિવારે સાથ સહકાર આપ્યો છે તેવી આરોપીએ ખોટી શંકા રાખી બિભત્સ ગાળો આપી ખોટી સંભળામણી કરી હતી. તેમજ જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપતા તેમને મનમા લાગી આવ્યું હતું. જેથી પોતાની મેળે ઘાસમા છાંટવાની ઝેરી દવા પી લીધી હતી. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે આર સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીમાંથી કિશોરને અજાણ્યો ઈસમ ભગાડી ગયો

ધારી, તા.૦૨

ધારીમાં રહેતા એક કિશોરને અજાણ્યો ઈમસ ભગાડી જતાં ચકચાર મચી હતી. બનાવ અંગે કિશોરના પિતાએ પોલીસમાં જાહેર કર્યા મુજબ, તેમના પુત્રને અજાણ્યો આરોપી કાયદેસરના વાલીપણામાંથી લલચાવી ફોસલાવી અપહરણ કરી લઈ ગયો હતો. ધારી પોલીસ સ્ટેશનના પીએસઆઈ એસ એસ ડામોર વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી સિટીમાંથી ૪ સહિત જિલ્લામાંથી ૯ પ્યાસી પકડાયા

અમરેલી, તા. ૦૨

અમરેલી જિલ્લામાં કેફી પીણું પીને ફરતાં ઈસમો સામે પોલીસ કડક કાર્યવાહી કરી રહી છે. અમરેલી સિટીમાંથી ૪ ઉપરાંત લુણીધાર, ચાંચ, રંગપુર, ધારી, જાફરાબાદ સામાકાંઠામાથી ૧-૧ મળી કુલ ૯ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા. આ સિવાય ધારી રેલવે સ્ટેશન અને અમરેલી ઠેબી ડેમ પાસેથી એક એક યુવક પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.

# સાહિત્યનો દીવો પ્રગટાવનાર ડૉ. વસંતભાઈ પરીખનું અમરેલી સર્જક પરિવાર તરફથી ભવ્ય સન્માન

અમરેલી, તા.૦૨

અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર દ્વારા ડૉ. પ્રતાપભાઈ પંડ્યાની સ્મૃતિમાં અને પ્રમુખ મનીષાબેન પંડ્યાની પ્રેરણાથી 'સર્જકના પુલકિત પોંખણા' સન્માન સમારોહ યોજાયો. ડૉ. ભરતભાઈ કાનાબારના અધ્યક્ષસ્થાને, સંસ્કૃત ભાષાના વિદ્વાન ડૉ. વસંતભાઈ પરીખને 'લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ'થી સન્માનિત કરાયા હતા. ગુજરાતી કવિ હર્ષદ ચંદારાણાનું મરણોત્તર સન્માન



કરી સાહિત્યમાં તેમના પ્રદાનને બિરદાવવામાં આવ્યું આ ઉપરાંત, બાંસુરીવાદક સંજીવ ધારૈયા અને શિક્ષણવિદ્ ડૉ. કેતન કાનપરિયા અને 'ગદ્ય સેતુ ગ્રુપ'ની પુસ્તક પરિચય સ્પર્ધાના વિજેતાઓને પણ સન્માનિત કરાયા. ડૉ. ભરતભાઈ કાનાબારે આ ઉમદા કાર્યને બિરદાવ્યું હતું. કાર્યક્રમમાં વિવિધ સાહિત્ય સંસ્થાના પ્રતિનિધિઓ, સર્જકો, સહિત બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલાના લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર નિશુલ્ક હોસ્પિટલની સરાહનીય કામગીરી

સાવરકુંડલા, તા.૦૨

સાવરકુંડલાની લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર નિશુલ્ક હોસ્પિટલની વધુ મળી એક સરાહનીય સફળતા મળી હતી. ગત રાત્રે ગારીયાધારના મોટા ચારોડિયાના ૬૫ વર્ષીય મનસુખભાઈ પટેલિયાને આંચકી આવતા ખાનગી વાહનમાં બેભાન હાલતમાં હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા.ડોકટરોએ તેમની તાત્કાલિક સારવાર શરૂ કરી



હતી. હોસ્પિટલના એડમીન ડોક્ટર કટારીયા, હોસ્પિટલના મુખ્ય એમડી ડો. કમલેશ કલસરિયા, મેડિકલ ઓફિસર દર્શના શિયાળ અને ડોક્ટર હર્ષદ નકુમ તેમજ સાત જેટલા મેડિકલ સ્ટાફ દ્વારા લગભગ બે કલાકની ઘનિષ્ઠ મહેનતથી દર્દીને બચાવી લેવામાં આવ્યા હતા.

**તંત્રી લેખ**


# આંતરરાષ્ટ્રીય લેવલે દરિયાઈ સુરક્ષા જરૂરી

વિશ્વમાં શાંતિ જળવાઈ રહે તથા ઈન્ડો પેસેફિક વિસ્તાર ચીનની વધતી જતી દાદાગીરીને કંટ્રોલ કરવામાં આવે તે માટે ક્વાડની સ્થાપના કરવામાં આવી છે.ક્વાડ સંમેલન એ ચાર દેશોનું મંચ છે, જેમાં ભારત, અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને જાપાન સામેલ છે. આ દેશો મળીને વિશ્વમાં શાંતિ, સુરક્ષા અને વિકાસ માટે કામ કરે છે. ક્વાડ સંમેલનમાં દરેક દેશના વડા પ્રધાન અથવા રાષ્ટ્રપતિ હાજરી આપે છે અને મહત્વના મુદાઓ પર ચર્ચા કરે છે.ક્વાડ સંમેલનનું મુખ્ય ઉદ્દેશ્ય એશિયા-પ્રશાંત (ઈન્ડો-પેસિફિક) વિસ્તારમાં શાંતિ અને સ્થિરતા જાળવવું છે. આ મંચ પર ચીનની વધતી તાકાત, આતંકવાદ, સમુદ્રી સુરક્ષા, ટેકનોલોજી અને વેપાર જેવા વિષયો પર ચર્ચા થાય છે. ક્વાડ દેશો એકબીજાને સહાય કરે છે અને મળીને નિર્ણયો લે છે.આ સંમેલન દર વર્ષે અલગ-અલગ દેશમાં યોજાય છે. ક્યારેક ઓસ્ટ્રેલિયા, ક્યારેક જાપાન, તો ક્યારેક અમેરિકા કે ભારત સંમેલનનું આયોજન કરે છે. ક્વાડ સંમેલનથી ચારેય દેશો વચ્ચે મિત્રતા, સહકાર અને વિશ્વાસ વધે છે.આ રીતે, ક્વાડ સંમેલન વિશ્વમાં શાંતિ અને વિકાસ માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર વિશ્વના સૌથી વધુ રાજકીય અને આર્થિક મહત્વ ધરાવતા દરિયાઈ માર્ગોમાંથી એક છે. આ ક્ષેત્રમાં ચીન, ભારત, જાપાન, ઑસ્ટ્રેલિયા અને અમેરિકા જેવા મોટા દેશોની રાજકીય અસરો દેખાય છે, જે દરિયાઈ સુરક્ષાને વધુ જટિલ બનાવે છે. ઈન્ડો-પેસિફિકના સમુદ્રોમાં વ્યાપાર, ઊર્જા પરિવહન, માછીમારી અને સૈન્ય ગતિવિધિઓની વિશાળ પ્રવૃત્તિઓ થાય છે, જેના કારણે આ ક્ષેત્રમાં સુરક્ષા અને સ્થિરતા જાળવવી એ એક મોટી પડકારરૂપ પરિસ્થિતિ બની ગઈ છે.વિશ્વમાં આતંકવાદ અને ચીનની આક્રમક નીતિ બે મોટા ખતરા છે. આ બંને સમસ્યાઓ પર ચર્ચા કરવા ક્વાડ દેશો (અમેરિકા, ભારત, જાપાન અને ઓસ્ટ્રેલિયા)ના વિદેશ મંત્રીઓની બેઠક યુએસમાં યોજાઈ હતી. ક્વાડ દેશોએ ૨૨ એપ્રિલે કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરી હતી જેમાં ૨૬ નિર્દોષ લોકો માર્યા ગયા હતા. હુમલાના આયોજકો, હુમલાખોરો અને નાણાકીય મદદ કરનારાઓને ઝડપથી સજા થાય તે માટે આંતરરાષ્ટ્રીય સહકારની માંગ કરવામાં આવી. ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ઓપરેશન સિંદૂર સહિત ભારતના આતંકવાદ-વિરોધી પગલાંઓ વિશે માહિતી આપી. અને ચીન સામે સખત રૂખ અપનાવવા આહવાહન કર્યુ હતું.ઈન્ડો-પેસિફિક વિસ્તારમાં ચીનની વધી રહી દખલગીરી અને દરિયાઈ સરહદો બદલવાના પ્રયાસો પર ચિંતા વ્યક્ત કરવામાં આવી. ક્વાડે જણાવ્યું કે દરિયાઈ સ્વતંત્રતા, સાર્વભૌમત્વ અને આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન જરૂરી છે. ભવિષ્યની યોજના વિષય પણ વિચાર કરવામાં આવ્યો હતો. ક્વાડે ચાર મુખ્ય ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવાનું જણાવ્યું જેમા દરિયાઈ સુરક્ષા વધારવી હોય તો ચીન સામેના દબાણને નિયંત્રિત કરવુ જરૂરી છે.આ વાતને અગ્રતાક્રમે સંમેલનમાં લીધી હતી કારણ કે તે અત્યંત જરૂરી છે.ઈન્ડો-પેસિફિકમાં વિકાસને પ્રોત્સાહન આપવાનો મુદ્દો પણ આ સંમેલનમાં છવાયેલો હતો સાથોસાથ.ટેકનોલોજી અને સાયબર સુરક્ષા ભાર ભાર મૂકવામાં આવ્યો હતો. કુદરતી આફત અને યુદ્ધ ગ્રસ્ત વિસ્તારોમાં મદદરૂપ થવા માટે આ દેશોએ વિચારણા કરી હતી. આ ઉપરાંત કુદરતી આફતો સમયે સહાય કરવાની પણ યોજના વિચારવામાં આવી હતી. આતંકવાદ અને ચીનના વિસ્તારવાદ સામે ક્વાડ દેશોની એકતાએ મોટી રાજકીય સફળતા છે. ભારતને આતંકવાદ વિરુદ્ધ વિશ્વનું સમર્થન મળ્યું છે, જ્યારે ઈન્ડો-પેસિફિકમાં ચીનની લડાઈખોર રવૈયા સામે પણ મજબૂત સંદેશ જાય છે.

# AI પર પ્રભુત્વ મેળવવા વિશ્વની ટોપ ટેન કંપની વચ્ચે ગળાકાપ હરીફાઇ


**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

એઆઈ" એટલે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ". આ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) શું છે? તે સમજવું જરૂરી છે. સાદા શબ્દોમાં કહીએ તો, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે મશીનોને માણસોની જેમ વિચારવા અને કામ કરવા માટે તાલીમ આપવી. જેમ આપણે માણસો શીખીએ છીએ, વિચારીએ છીએ, નિર્ણયો લઈએ છીએ અને સમસ્યાઓ હલ કરીએ છીએ, તેવી જ રીતે AI મશીનોને પણ આ બધું કરવાની ક્ષમતા આપે છે.AI કેવી રીતે કામ કરે છે? એ સૌ કોઈ માટે નવાઈની વાત છે પરંતુ અહીં AI મશીનોને ઘણો બધો ડેટા એટલે કે માહિતી આપવામાં આવે છે. આ ડેટાનો અભ્યાસ કરીને, મશીનો શીખે છે કે કઈ પેટર્ન છે, કયા નિયમો લાગુ પડે છે અને ભવિષ્યમાં શું થઈ શકે છે. આ શીખવાની પ્રક્રિયાને મશીન લર્નિંગ કહેવાય છે, જે AI નો એક મહત્વનો ભાગ છે. ઉદાહરણ તરીકે ચહેરો ઓળખવો. તમે તમારા ફોનમાં ચહેરો બતાવો અને તે અનલોક થઈ જાય છે. AI એ લાખો ચહેરાઓની તસવીરોમાંથી શીખ્યું છે કે કયો ચહેરો કોનો છે. તેનો બીજુ મહત્વનું કામ છે ભાષાંતર કરવાનું. Google Translate માં તમે એક ભાષામાં લખો અને તે બીજી ભાષામાં અનુવાદ કરી આપે છે. AI એ કરોડો વાક્યોમાંથી શીખ્યું છે કે શબ્દોનો અર્થ કેવી રીતે બદલાય છે. એ આઈ google જેવા સર્ચ એન્જિન નો ઉપયોગ કરે છે સર્ચ એન્જિન જ્યારે તમે Google પર કંઈક શોધો છો, ત્યારે AI નક્કી કરે છે કે કઈ માહિતી તમારા માટે સૌથી વધુ ઉપયોગી છે. અહીં મહત્વની વસ્તુ એ છે કે AI નો ઉપયોગ ક્યાં થાય છે તે જાણવું જરૂરી છે. AI નો ઉપયોગ આપણા રોજિંદા જીવનમાં ઘણી જગ્યાએ થાય છે સ્માર્ટફોનમા ફોટોને વધુ સારા બનાવવા, અવાજથી કમાન્ડ આપવા (જેમ કે સિરી કે ગુગલ આસિસ્ટન્ટ).નેવિગેશન એપ્સ પણ એ આઈ નો ઉપયોગ કરે છે જેમ કે Google Maps, જે તમને ટ્રાફિક અને રસ્તાઓ વિશે માહિતી આપે છે. સોશિયલ મીડિયા તમે જે પોસ્ટ જુઓ છો, જે જાહેરાતો દેખાય છે, તે AI દ્વારા નક્કી થાય છે. ઓનલાઈન શોપિંગ પણ મહત્વનું એક કાર્ય છે તમે એક વસ્તુ ખરીદો, તો AI તમને તેવી જ બીજી વસ્તુઓ સૂચવે છે. સ્વાયત્ત વાહનો એટલે કે ડ્રાઈવર વગરના વાહનો એ આઈ દ્વારા ચાલે છે.ડ્રાઈવર વગર ચાલતી કાર (જોકે તે હજુ સંપૂર્ણપણે તૈયાર નથી). એ આઈ આરોગ્ય ક્ષેત્રે પણ મહત્વનું પ્રદાન કરે છે.રોગોનું નિદાન કરવામાં અને દવાઓ બનાવવામાં મદદરૂપ થાય છે. AI મશીનોને એવા કાર્યો કરવા સક્ષમ બનાવે છે જે માણસો માટે મુશ્કેલ, સમય માંગી લે તેવા અથવા અશક્ય હોય તેની કાર્યક્ષમતા વધારી શકે છે, ભૂલો ઘટાડી શકે છે અને નવા ઉકેલો શોધી શકે છે. ટૂંકમાં, AI એ એક એવી ટેકનોલોજી છે જે મશીનોને માણસોની જેમ "સ્માર્ટ" બનાવે છે, જેથી તેઓ વિચારી શકે, શીખી શકે અને સમસ્યાઓ હલ કરી શકે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજના ક્ષેત્રમાં ઝડપભેર વિકાસ થઈ રહ્યો છે વિશ્વની ટોપ ટેન કંપનીઓ વચ્ચે હરિફાઈ ચાલી



રહી છે. એ આઈનું વર્ચસ્વ માની ન શકાય તેટલું વધી રહ્યું છે ત્યારે માનવીના અસ્તિત્વ સામે પ્રશ્નાર્થ ઊભા થયા છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિ ઝડપથી વિકસી રહ્યું છે અને દિગ્ગજો વચ્ચે સામ-સામે ટક્કરના વધી રહી છે.આજે વિશ્વ થઈ એવા તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે.કે જેમાં એપલ અને માઈક્રોસોફ્ટ જેવી વિશ્વની સૌથી મોટી કંપનીઓથી લઈને એલોન મસ્ક અને માર્ક ઝુકરબર્ગ જેવા વિશ્વના સૌથી ધનિક લોકો સુધી, દરેક વ્યક્તિ AI ની દુનિયામાં પોતાનું વર્ચસ્વ વધારવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ રેસમાં આગળ વધવા માટે એપલે આક્રમક ઝુંબેશ શરૂ કરી છે. એપલે AI પર સૌથી વધુ ખર્ચ કર્યો છે. સ્ટેટિસ્ટાના તાજેતરના અભ્યાસ દર્શાવે છે કે એપલે અન્ય કોઈપણ સ્પર્ધક કરતાં AI પરનો ખર્ચ વધુ વધાર્યો છે. એપલે આમાંથી મોટાભાગનો ખર્ચ AI માં કામ કરતી નવી કંપનીઓને હસ્તગત કરવામાં કર્યો છે. અભ્યાસ મુજબ, એપલે ફક્ત ૨૦૨૩ માં ૩૦ થી વધુ સ્ટાર્ટઅપ કંપનીઓ હસ્તગત કરી. માઈક્રોસોફ્ટ, ગૂગલ, મેટા, ઓપનએઆઈ જેવા AI ક્ષેત્રના અન્ય દિગ્ગજોની તુલનામાં આ ખૂબ જ આક્રમક વ્યૂહરચના છે. આ રીતે AI પર યુદ્ધ ચાલી રહ્યું છે. ઓપન એઆઈનું ઉત્પાદન ચેટજીપીટી હાલમાં એઆઈની દુનિયામાં પ્રભુત્વ ધરાવે છે. ગયા મહિને પ્રકાશિત થયેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે એકલા ChatGPT ને ૫૦ ટકાથી વધુ AI ટ્રાફિક મળી રહ્યો છે. આનો સામનો કરવા માટે ઘણા મોટા સ્તરે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ, એલોન મસ્ક, તેમના AI પર કામ કરી રહ્યા છે. માર્ક ઝુકરબર્ગનું મેટા પણ આમાં પાછળ નથી. ગૂગલે તાજેતરમાં તેના AI બાર્ડને જેમિની નામનો એક નવો અવતાર આપ્યો છે અને ચેટજીપીટી સાથે સ્પર્ધા કરવા માટે નવા સબસ્ક્રિપ્શન પ્લાન લોન્ચ કરવામાં આવ્યા છે. માઈક્રોસોફ્ટે કો-પાયલટ એઆઈ એપ રજૂ કરી છે. એપલ આ વ્યૂહરચના પર કામ કરી રહ્યું છે શરૂઆતમાં એપલ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટેની રેસમાં અન્ય સ્પર્ધકો કરતાં પાછળ રહી ગયું. આની ભરપાઈ કરવા માટે, એપલે ઈન-હાઉસ આર એન્ડ ડી પર તેનું કાર્ય વધાર્યું અને આક્રમક રીતે AI સ્ટાર્ટઅપ્સ હસ્તગત કરવાની વ્યૂહરચના પણ અપનાવી, જે હેઠળ માત્ર ૧૨ મહિનામાં ૩૦ થી વધુ AI સ્ટાર્ટઅપ્સ હસ્તગત કરવામાં આવ્યા. એપલ તેની AI ક્ષમતાઓને વિસ્તૃત કરવા માટે પણ ભરતી કરી રહ્યું છે. અન્ય મોટી કંપનીઓ પણ પાછળ નથી પહેલા એવું કહેવામાં આવી રહ્યું હતું કે એપલ ચેટજીપીટી જેવી પોતાની એઆઈ એપ પર કામ કરી રહ્યું છે. જોકે, આ અંગે હજુ સુધી કોઈ નક્કર અપડેટ બહાર આવ્યું નથી. સ્ટેટિસ્ટાના એક અભ્યાસ મુજબ, એપલ એક્વિઝિશન દ્વારા પોતાની પકડ મજબૂત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. જે અંતર્ગત ૨૦૨૩ માં ૩૨ સ્ટાર્ટઅપ્સ ખરીદવામાં આવ્યા હતા. અન્ય ટેક દિગ્ગજો પણ પાછળ નથી. ગયા વર્ષે ગૂગલે ૨૧ સ્ટાર્ટઅપ્સ હસ્તગત કર્યા. જ્યારે મેટાએ ૧૮ અને માઈક્રોસોફ્ટે ૧૭ સ્ટાર્ટઅપ્સ હસ્તગત કર્યા. કૃત્રિમ બુદ્ધિમત્તા અંગેની સ્પર્ધા સતત ઉગ્ર બની રહી છે. ઓપન એઆઈના જનરેટિવ એઆઈ ચેટજીપીટી પછી, મોટી કંપનીઓ પણ એઆઈ રેસમાં પાછળ રહેવા માંગતી નથી. ગૂગલ અને માઈક્રોસોફ્ટ જેવી ટેક જાયન્ટ્સ પછી, વિશ્વની સૌથી મોટી લિસ્ટેડ કંપની એપલ પણ AI ની રેસમાં જોડાઈ ગઈ છે. વિવિધ મીડિયા રિપોર્ટ્સમાં એવું કહેવામાં આવી રહ્યું છે કે iPhone અને iPad જેવા ઘણા ઉત્પાદનો વેચતી ટેક કંપની Apple એ હવે ChatGPT જેવી પોતાની જનરેટિવ AI વિકસાવી છે. અહેવાલો અનુસાર, એપલે પહેલાથી જ ChatGPT જેવી જ એક આંતરિક સેવા બનાવી છે, જેની મદદથી તેના કર્મચારીઓ નવી સુવિધાઓનું પરીક્ષણ કરી રહ્યા છે, ટેક્સ્ટ સારાંશ તૈયાર કરી રહ્યા છે અને અત્યાર સુધી શીખેલા ડેટાના આધારે પ્રશ્નોના જવાબ આપી રહ્યા છે. જુલાઈમાં પણ આવા સમાચાર આવ્યા હતા આ પહેલી વાર નથી જ્યારે એપલ દ્વારા જનરેટિવ AI બનાવવાની ખબરો હેડલાઈન્સમાં આવી રહી છે. સમાચાર અનુસાર, એપલનું લાર્જ લેંગ્વેજ મોડેલ (LLM) એજેક્સ નામના નવા ફ્રેમવર્ક પર વિકસાવવામાં આવ્યું છે. હવે એપલે તેના iPhones અને iPads પર ચાલતા LLM વિશે એક સંશોધન પત્ર ફાઈલ કર્યો છે. આ સંશોધન પત્ર સમજાવે છે કે મર્યાદિત DRAM ક્ષમતાવાળા ઉપકરણ પર મોટા ભાષા મોડેલને કેવી રીતે ચલાવી શકાય છે. વાસ્તવમાં, મર્યાદિત DRAM ક્ષમતા સાથે LLM ચલાવવું શક્ય નથી. આ માટે, એપલે ફ્લેશ મેમરી પર LLM સ્ટોર કરવાનો રસ્તો શોધી કાઢ્યો છે, જેને જરૂર પડ્યે ઉપકરણ સાથે જોડી શકાય છે. દરમિયાન, કેટલાક અન્ય અહેવાલો દાવો કરી રહ્યા છે કે એપલે તેના જનરેટિવ AI ને તાલીમ આપવા માટે ઘણી મોટી સમાચાર અને સામગ્રી કંપનીઓ સાથે વાતચીત શરૂ કરી છે. આ માટે, કંપની બહુ-વર્ષીય કરાર કરી શકે છે અને $૫૦ મિલિયનથી વધુ ચૂકવવા તૈયાર છે. એપલ ઈચ્છે છે કે તેની સાથે વ્યવહાર કરતી સમાચાર કંપની તેને તેના સમાચાર લેખોના આર્કાઈવ્સની ઍક્સેસ પણ આપે.

## શબ્દ સંજોગ-૨૦૨૮



**આડી ચાવી :**

(૧) એક પક્ષી (૩)
(૩) ફજેતી,બદનામી (૪)
(૬) ગીલીદંડાની રમતમાં એક દાવ (૨)
(૭) સાટાનો કરાર (૩)
(૮) એક તેલી બી (૨)
(૧૦) નાનો છેદ,ઘા (૨)
(૧૧) જયારે (૨)
(૧૨) બે પક્ષ વચ્ચેનો લાંબો પત્રવ્યવહાર (૩)
(૧૩) વીસ ઘા કાગળ (૨)
(૧૪) પાજી,ક્ષુદ્ર(આ-અ) (૪)
(૧૬) પડાવ,ઉતારો (૩)
(૧૮) અફીણનો છોડવો (૪)
(૨૧) બગ,બગલો (૨)
(૨૩) ધનુષ્યની દોરી (૨)
(૨૪) પુથ્વી,ધરતી (૩)
(૨૬) એક ફૂલઝાડ (૨)
(૨૭) ચડસાચડસી (૪)
(૨૯) પરાપૂર્વથી ચાલ્યું આવતું (૪)
(૩૦) કાંચળીનો છાતી ઉપરનો ભાગ (૪)

**ઉભી ચાવી :**

(૧) એક છંદ (૪)
(૨) સૌથી પર એવું,શ્રેષ્ઠ (૪)
(૩) રોફ,ભપકો, દબદબો (૩)
(૪) પાતળું લીંપણ, અબોટ (૨)
(૫) વિશ્વાસ,ભરોસો (૪)
(૭) એક પંખી (૩)
(૯) કંપવું,ધ્રુજવું (૪)
(૧૨) વંશ,કુળ (૩)
(૧૪) ફેજ,ફજેતી (૩)
(૧૫) જંપ,સુખ (૨)
(૧૬) જમ્યા પછી મોં સુવાસિત કરાવા ખાવાની વસ્તુ (૪)
(૧૭) એક મરાઠી અટક (૪)
(૧૯) જીવતું,જીવીત (૪)
(૨૦) ઘા,જખમ (૨)
(૨૨) કીડો (૩)
(૨૪) ખરું,સાચું (૩)
(૨૫) પાસેનું,નજીક (૩)
(૨૮) ઊલટું,પ્રતિકૂળ (૨)

## શબ્દ સંજોગ-૨૦૨૭ જવાબ

**આડી ચાવી:** (૧) ગતાગમ (૪) પીતાંબર (૬) બાગડોર (૮) ડામર (૧૦) સફર (૧૨) સામ (૧૩) ગરમર (૧૪) રતલામ (૧૬) તવાઈ (૧૮) ધોરી (૧૯) તીર (૨૦) મેષ (૨૧) અંકિત (૨૩) ઠાર (૨૪) લટ (૨૫) વાચા (૨૬) ઠઠ (૨૭) સમર .**ઉભી ચાવી :** (૧) ગધાડાસાર (૨) ગબાર (૩) મગ (૪) પીર (૫) બરફ (૭) ડોલર (૯) મમત (૧૦) સરત (૧૧) રસોઈ (૧૩) ગમ (૧૫) લાભ (૧૭) વાલ્મીકિ (૧૮) ઘોષ (૧૯) તીરવા (૨૦) મેરઠ (૨૧) અંટસ (૨૨) તસ્કર

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૬૭૬ |
| ઘઉં લોકવન | ૪૯૩ | ૫૨૮ |
| ઘઉં ટુકડા | ૪૯૮ | ૬૨૯ |
| જુવાર સફેદ | ૬૦૦ | ૮૧૮ |
| જુવાર લાલ | ૬૦૦ | ૮૬૮ |
| જુવાર પીળી | ૩૫૦ | ૪૭૦ |
| બાજરી | ૩૫૦ | ૪૬૧ |
| તુવેર | ૧૦૫૧ | ૧૩૫૬ |
| ચણા પીળા | ૯૦૦ | ૧૧૧૬ |
| ચણા સફેદ | ૧૧૫૦ | ૨૧૨૨ |
| અડદ | ૧૧૮૦ | ૧૪૦૧ |
| મગ | ૧૩૦૦ | ૧૫૭૫ |
| વાલ દેશી | ૮૩૦ | ૧૩૭૨ |
| ચોળી | ૧૩૦૦ | ૧૮૫૦ |
| મઠ | ૧૩૦૦ | ૨૦૦૦ |
| વટાણા | ૧૪૩૧ | ૨૧૭૫ |
| કળથી | ૫૪૦ | ૮૨૫ |
| રાજમા | ૧૨૫૦ | ૨૦૯૯ |
| સીંગદાણા | ૧૩૭૫ | ૧૫૨૦ |
| મગફળી જાડી | ૯૩૦ | ૧૧૭૦ |
| મગફળી જીણી | ૯૫૦ | ૧૧૬૦ |
| તલી | ૧૬૦૦ | ૨૦૨૧ |
| એરંડા | ૧૧૪૫ | ૧૩૪૦ |
| અજમો | ૯૫૦ | ૧૮૦૧ |
| સુવા | ૧૦૨૫ | ૧૨૮૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૩૨ |
| સીંગફાડા | ૧૦૭૦ | ૧૩૫૦ |
| કાળા તલ | ૨૭૪૦ | ૩૬૧૯ |
| લસણ | ૭૮૦ | ૧૩૫૦ |
| ધાણા | ૧૨૩૫ | ૧૩૮૦ |
| ધાણી | ૧૨૪૮ | ૧૩૭૬ |
| વરીયાળી | ૯૦૦ | ૧૩૦૦ |
| જીરૂ | ૩૫૫૦ | ૪૦૫૧ |
| રાય | ૧૧૫૦ | ૧૪૨૦ |
| મેથી | ૮૦૦ | ૧૨૫૦ |
| ઇસબગુલ | ૮૫૦ | ૧૮૨૫ |
| અશેરીયો | ૧૧૭૫ | ૧૨૫૯ |
| કલોંજી | ૩૫૦૦ | ૪૦૭૫ |
| રાયડો | ૧૧૩૦ | ૧૨૪૫ |
| રજકાનું બી | ૪૩૦૦ | ૫૪૯૯ |
| ગુવારનું બી | ૯૦૦ | ૧૦૦૦ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૧૦૦ | ૬૦૦ |
| બટેટા | ૧૮૦ | ૩૭૦ |
| ડુંગળી સુકી | ૧૦૫ | ૩૨૦ |
| ટમેટા | ૩૦૦ | ૭૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| કોથમરી | ૧૦૦૦ | ૧૬૦૦ |
| રીંગણા | ૫૦૦ | ૧૦૫૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૪૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૧૬૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૬૦૦ | ૧૦૦૦ |
| ટીંડોળા | ૪૫૦ | ૧૫૦૦ |
| દુધી | ૪૦૦ | ૬૦૦ |
| કારેલા | ૮૦૦ | ૧૨૦૦ |
| સરગવો | ૨૦૦ | ૧૫૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૨૦૦ |
| પરવર | ૭૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૮૦૦ | ૧૦૫૦ |
| ગાજર | ૩૦૦ | ૬૦૦ |
| ગલકા | ૫૦૦ | ૭૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| મેથી | ૧૫૦૦ | ૨૦૦૦ |
| ડુંગળી લીલી | ૮૦૦ | ૧૨૦૦ |
| આદુ | ૬૦૦ | ૭૬૦ |
| મરચા લીલા | ૮૦૦ | ૧૨૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૫૦૦ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૮૨૦ | ૧૦૬૪ |
| શિંગ ૬૬ નંબર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ગીરનાર શીંગ | ૧૦૬૩ | ૧૦૬૩ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૧૧૬ |
| શિંગ દાણા | ૧૨૦૦ | ૧૫૬૧ |
| શિંગ ફાડા | ૯૦૦ | ૧૪૩૫ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૨૦૦ |
| તલ કાળા | ૧૯૬૦ | ૩૬૫૦ |
| તલ કાશ્મીરી | ૧૫૦૦ | ૨૩૦૦ |
| જુવાર | ૪૦૦ | ૮૩૫ |
| ઘઉં ટુકડા | ૪૫૨ | ૫૩૭ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૫૪૬ |
| મગ | ૧૩૩૫ | ૧૪૭૧ |
| અડદ | ૭૪૦ | ૧૪૦૦ |
| ચણા | ૮૪૦ | ૧૧૨૧ |
| ચણા દેશી | ૧૧૭૦ | ૧૧૭૦ |
| સફેદ ચણા | ૯૧૦ | ૧૦૯૩ |
| છોલે ચણા | ૧૨૦૦ | ૧૮૧૨ |
| ચોળી | ૧૪૦૦ | ૧૪૦૦ |
| તુવેર | ૮૨૦ | ૧૨૫૫ |
| કપાસ | ૮૯૮ | ૧૬૫૧ |
| એરંડા | ૧૨૮૦ | ૧૩૦૮ |
| જીરૂ | ૨૮૧૦ | ૪૦૩૦ |
| ધાણી | ૧૧૨૦ | ૧૩૧૬ |
| અજમા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| મેથી | ૬૦૦ | ૮૦૬ |
| સોયાબીન | ૭૩૫ | ૮૦૪ |
| વરીયાળી | ૧૨૨૦ | ૧૨૨૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૨૦૦ | ૩૧૦ |
| રીંગણા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ફ્લાવર | ૮૦૦ | ૯૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| શક્કરીયા | ૭૫૦ | ૯૦૦ |
| ટમેટાં | ૭૦૦ | ૮૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ગાજર | ૭૫૦ | ૮૨૦ |
| દુધી | ૬૦૦ | ૭૦૦ |
| કારેલા | ૯૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૮૦૦ | ૯૦૦ |
| કાકડી | ૭૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૧૮૦૦ | ૨૦૦૦ |
| વટાંણા | ૨૦૦૦ | ૨૨૦૦ |
| ચોળા લીલાં | ૯૫૦ | ૧૧૫૦ |
| તુરીયા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ભીંડો | ૯૨૦ | ૧૦૩૦ |
| આદુ | ૭૫૦ | ૮૫૦ |
| કોથમીર | ૧૦૦૦ | ૧૩૦૦ |
| મેથીભાજી | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ફોદીનો | ૭૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૨૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| શીંગ ચોળા | ૭૫૦ | ૮૨૦ |
| સરગવો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લીમડો મીઠો | ૧૧૦ | ૧૩૦ |
| મરચાં લીલાં | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ સુકુ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| મકાઈ | ૨૬૦ | ૩૮૦ |
| લીંબું | ૩૨૦ | ૪૩૦ |
| પાલક | ૧૨૦૦ | ૧૩૦૦ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૧ | ૧૬૨૬ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૨૨ |
| ઘઉં ટુકડા | ૪૮૮ | ૫૬૪ |
| મગફળી જીણી | ૮૨૧ | ૧૦૬૬ |
| સિંગદાણા જાડા | ૮૧૧ | ૧૭૨૧ |
| સિંગ ફાડીયા | ૯૦૧ | ૧૩૫૧ |
| એરંડા / એરંડી | ૫૦૧ | ૧૩૪૧ |
| તલ કાળા | ૨૦૦૧ | ૩૫૭૬ |
| જીરૂ | ૨૭૦૧ | ૪૦૬૧ |
| ક્લંજી | ૨૫૦૧ | ૪૦૨૧ |
| ધાણા | ૮૫૧ | ૧૪૫૧ |
| લસણ સુકું | ૬૧૧ | ૧૨૬૧ |
| ડુંગળી લાલ | ૯૧ | ૨૮૧ |
| અડદ | ૬૦૧ | ૧૪૪૧ |
| મઠ | ૧૦૧૧ | ૧૦૧૧ |
| તુવેર | ૫૦૦ | ૧૩૦૧ |
| રાય | ૧૨૦૧ | ૧૨૪૧ |
| મેથી | ૫૫૧ | ૯૧૧ |
| કાંગ | ૨૩૧ | ૫૯૧ |
| સુરજમુખી | ૪૧૧ | ૧૨૨૧ |
| ગુવાર બી | ૪૫૧ | ૯૩૧ |
| મગફળી જાડી | ૭૫૧ | ૧૨૧૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૧૯૧૧ |
| મગફળી નવી | ૮૫૧ | ૧૨૬૧ |
| તલ - તલી | ૧૩૭૬ | ૨૨૭૧ |
| ધાણી | ૯૫૧ | ૧૫૭૧ |
| ડુંગળી સફેદ | ૧૧૧ | ૧૭૬ |
| બાજરો | ૩૦૧ | ૪૧૧ |
| જુવાર | ૬૦૧ | ૭૩૧ |
| મકાઇ | ૪૫૧ | ૪૯૧ |
| મગ | ૧૨૫૧ | ૧૫૦૧ |
| ચણા | ૧૦૧૬ | ૧૧૧૬ |
| વાલ | ૫૦૧ | ૧૦૮૧ |
| વાલ પાપડી | ૧૫૮૧ | ૧૫૮૧ |
| ચોળા / ચોળી | ૭૦૧ | ૧૮૪૧ |
| સોયાબીન | ૬૫૧ | ૮૧૧ |
| અજમાં | ૧૩૧૧ | ૧૩૧૧ |
| કળથી | ૯૨૧ | ૯૨૧ |
| ગોગળી | ૭૧૧ | ૧૦૧૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૧૮૦ | ૭૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૨૦૦ |
| કોબી | ૧૦૦ | ૫૦૦ |
| દુધી | ૨૦૦ | ૧૦૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૪૦૦ |
| રીંગણા | ૧૮૦ | ૧૪૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૨૦૦ | ૮૦૦ |
| ગાજર | ૩૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૨૪૦ | ૧૧૦૦ |
| વટાણા | ૧૮૦૦ | ૩૦૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૧૨૦૦ |
| બટેટા | ૨૨૦ | ૩૨૦ |
| લીલી હળદર | ૧૮૦૦ | ૨૨૦૦ |
| ડુંગળી પુરા | ૮ | ૩૦ |
| તાંજરીયા પુરા | ૪ | ૧૦ |
| કોથમીર પુરા | ૫ | ૧૨ |
| ફોદીનો પુરા | ૩ | ૭ |
| કાચા કેળા | ૩૦૦ | ૪૦૦ |
| પરવર | ૬૦૦ | ૮૦૦ |
| ઘીસોડા | ૫૦૦ | ૧૪૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૫૦૦ |
| મેથી પુરા | ૫ | ૨૫ |
| બીટ પુરા | ૪ | ૨૦ |
| સરગવો પુરા | ૨૦ | ૪૦ |
| ચોરા | ૩૦૦ | ૨૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૮૦૦ |
| મગફળી લીલી | ૫૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૫૦૦ | ૧૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૨ | ૮ |

**ધારી**

| | | |
|---|---|---|
| મગફળી | ૮૦૦ | ૯૮૫ |
| ઘઉં લોકવન | ૪૬૧ | ૪૯૧ |
| તલ | ૧૦૦૫ | ૧૫૭૫ |
| ધાણા | ૧૧૭૦ | ૧૧૭૦ |
| બાજરો | ૪૫૧ | ૪૫૧ |
| સોયાબીન | ૭૮૦ | ૭૯૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૪૫૦ | ૪૮૨ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૪૮૩ |
| બાજરો | ૩૪૫ | ૩૪૫ |
| ચણા | ૯૬૫ | ૧૦૯૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| શીંગફાડા | ૧૧૨૦ | ૧૧૨૦ |
| મગફળી | ૮૦૦ | ૯૨૦ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૧૩૪૦ |
| સોયાબીન | ૭૫૫ | ૭૮૧ |
| મગ | ૧૨૧૦ | ૧૩૬૦ |
| જીરૂ | ૨૯૦૦ | ૨૯૦૦ |
| શીંગદાણા | ૧૪૨૦ | ૧૬૦૦ |
| લશણ | ૧૦૯૦ | ૧૦૯૦ |
| તલ કાળા | ૧૧૬૦ | ૨૦૦૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૫૫૦ | ૧૬૬૯ |
| કપાસ મીડીયમ | ૧૪૪૦ | ૧૫૫૦ |
| મગફળી | ૧૦૩૦ | ૧૦૮૦ |
| જીરૂ | ૨૮૨૫ | ૩૬૩૫ |
| ઘઉં | ૪૮૦ | ૫૨૦ |
| તલ સફેદ | ૧૫૯૦ | ૧૯૪૦ |
| તલ કાળા | ૨૫૩૦ | ૨૬૮૦ |
| ચણા | ૧૦૬૦ | ૧૧૦૦ |
| મગ | ૧૨૫૦ | ૧૩૬૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૬૧ |
| શીંગ મોટી | ૧૦૩૦ | ૧૧૦૦ |
| શીંગ ઉનાળુ | ૧૦૩૦ | ૧૨૨૧ |
| શીંગ દાણા | ૧૨૫૦ | ૧૪૦૦ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૨૦૦૦ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૭૦૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૯૫૦ |
| કપાસ | ૧૪૨૦ | ૧૬૧૦ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૫૨ |
| બાજરો | ૩૦૦ | ૫૪૦ |
| જુવાર | ૪૦૦ | ૮૦૨ |
| મગ | ૧૧૦૦ | ૧૩૬૦ |
| અડદ | ૮૦૦ | ૧૪૦૨ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૧૮ |
| તુવેર | ૮૫૦ | ૧૩૦૦ |
| એરડી | ૧૧૬૦ | ૧૩૦૦ |
| મેથી | ૭૫૦ | ૯૯૦ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૮૫૦ | ૧૦૧૦ |
| તલ સફેદ | ૧૨૫૧ | ૧૯૩૪ |
| તલ કાળા | ૨૫૦૧ | ૩૨૫૦ |
| તલ પીળા | ૧૮૫૦ | ૧૮૫૦ |
| કપાસ | ૧૧૫૦ | ૧૪૦૦ |
| બાજરો | ૩૭૬ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૩૧૦ | ૫૪૫ |
| જુવાર | ૩૯૦ | ૮૪૦ |
| મગ | ૧૩૪૦ | ૧૩૪૦ |
| અડદ | ૧૨૬૧ | ૧૪૦૧ |
| ચણા | ૧૦૦૫ | ૧૧૫૨ |
| ધાણા | ૧૧૧૨ | ૧૧૧૨ |
| મેથી | ૭૫૦ | ૮૪૨ |
| સોયાબીન | ૭૫૫ | ૮૦૦ |
| શીંગદાણા | ૧૪૦૦ | ૧૪૦૦ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૬૩૧ |
| ઘઉં | ૩૦૦ | ૫૧૩ |
| બાજરો | ૩૩૧ | ૩૩૧ |
| મગ | ૧૦૦૦ | ૧૪૨૧ |
| ચણા | ૮૦૧ | ૧૦૮૧ |
| અડદ | ૭૦૧ | ૧૨૦૧ |
| તુવેર | ૭૫૧ | ૧૨૪૬ |
| મગફળી | ૬૦૧ | ૧૧૧૧ |
| શિંગ દાણા | ૧૩૦૦ | ૨૦૦૧ |
| શિંગ ફાડા | ૧૧૦૦ | ૧૨૮૧ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૧૯૩૧ |
| મેથી | ૫૦૧ | ૭૫૧ |
| જીરૂ | ૩૦૦૧ | ૩૭૭૧ |
| ધાણા | ૯૦૦ | ૧૨૬૧ |
| સોયાબીન | ૬૦૧ | ૮૦૧ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૯૫૫ | ૧૧૧૨ |
| મગફળી નવી | ૯૦૦ | ૧૦૭૬ |
| બાજરી હાઈબ્રીડ | ૩૧૨ | ૫૨૧ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૫૦ |
| મેથી | ૭૦૦ | ૮૬૮ |
| જુવાર | ૫૦૦ | ૭૮૨ |
| ચોળી | ૧૦૫૦ | ૧૭૭૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૪૧૦ |
| મગ | ૧૨૦૦ | ૧૪૭૦ |
| એરંડી | ૧૧૦૦ | ૧૩૦૮ |
| ચણા | ૧૦૩૦ | ૧૧૦૦ |
| સફેદ તલ | ૧૧૦૦ | ૧૮૭૫ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૬૮૦ |
| સોયાબીન | ૭૧૧ | ૮૨૭ |

**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૪૧૫ | ૭૩૦ |
| બાજરો | ૨૩૦ | ૫૦૦ |
| ઘઉં | ૪૦૦ | ૪૯૮ |
| મગ | ૧૨૦૦ | ૧૪૭૦ |
| તુવેર | ૭૦૦ | ૧૨૯૦ |
| ચોળી | ૧૨૦૦ | ૧૬૯૦ |
| વાલ | ૫૦૦ | ૮૮૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૮૫૫ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૧૯૫ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૨૧૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૩૨૦ |
| તલ | ૧૬૦૦ | ૨૧૦૫ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૪૦૦ |
| રાયડો | ૧૧૫૦ | ૧૨૦૫ |
| રાય | ૧૧૦૦ | ૧૩૨૦ |
| લસણ | ૫૧૫ | ૧૨૦૦ |
| કપાસ | ૭૦૦ | ૧૫૬૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૯૪૫ |
| અજમો | ૫૦૦ | ૩૯૪૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૯૦ |
| ધાણી | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ડુંગળી સૂકી | ૫૦ | ૨૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

### આંગણવાડી બહેનોને વધારાની કામગીરી સોંપવામાં આવતા વિરોધનો વંટોળ

# ધારીમાં આંગણવાડી બહેનોને બીએલઓની કામગીરી સોંપતા વિવાદ

ધારી,તા.૦૨

ધારીમાં મામલતદાર અને આંગણવાડી સંચાલિકાઓ વચ્ચે બી.એલ.ઓ.ની કામગીરીને લઈને વિવાદ સર્જાયો છે. આંગણવાડી સંચાલિકાઓને બી.એલ.ઓ.ની કામગીરી ફરજિયાત સોંપવામાં આવતા મામલો ઉગ્ર બન્યો છે. સંચાલિકાઓએ રોષ સાથે જણાવ્યું હતું કે, તેઓ પાસે પહેલેથી જ કામનું ભારણ વધુ છે, તેથી બી.એલ.ઓ.ની વધારાની કામગીરી કરવી શક્ય નથી. આ મુદ્દે યોજાયેલી એક બેઠકમાં અધિકારીઓ દ્વારા સંચાલિકાઓને કથિત રૂપે ખખડાવવામાં આવતા ત્રણ સંચાલિકાઓની તબિયત લથડી હતી અને તેમને ધારી સરકારી દવાખાને ખસેડવામાં આવી હતી. એક સંચાલિકાએ ધારી મામલતદાર પર ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું કે તેમને બી.એલ.ઓ.ની કામગીરી નહીં સ્વીકારવા બદલ વોરંટ ઈસ્યુ કરવાની ધમકી આપવામાં આવી હતી. આ ઘટનાએ આંગણવાડી સંચાલિકાઓમાં ભારે રોષ અને ભયનો માહોલ સર્જ્યો છે. જો કે આ ગંભીર ઘટના મુદ્દે મામલતદારે મૌન સેવતા અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યાં છે.


તસવીર : સંજય વાળા

### મામલતદારે ખખડાવતા ત્રણ બહેનોને ધારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા

# ધોરાજી શહેરમાં ગંદકી અને ખાડાઓથી લોકો ત્રાહિમામ : પાલિકા સામે ભારે રોષ

ધોરાજી, તા.૦૨

ધોરાજી શહેરમાં પવિત્ર મોહરમ માસની ઉજવણી ચાલી રહી છે, ત્યારે આગામી ૫ અને ૬ જુલાઈના રોજ તાજિયા પટમાં આવશે. આ પવિત્ર તહેવાર પૂર્વે શહેરના મુસ્લિમ વિસ્તારોમાં ગંદકી અને પાણી ભરાયેલા ખાડાઓની સમસ્યાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. નગરપાલિકા દ્વારા યોગ્ય સમયે સફાઈ કામગીરી ન કરાતા કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે. ચોમાસાની ઋતુને કારણે રસ્તાઓમાં પડેલા ખાડાઓમાં વરસાદી પાણી ભરાતા અકસ્માતોનું પ્રમાણ વધ્યું છે. સામાજિક કાર્યકર હુસેન કુરેશીએ નગરપાલિકાની બેદરકારી અને ભેદભાવભરી નીતિનો આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, છબીલ, ન્યાઝ અને મજેલિસ-તકરીર થતી જગ્યાઓ પર પણ ગંદકીનું સામ્રાજ્ય છે, જેના કારણે મુસ્લિમ સમાજની લાગણી દુભાઈ રહી છે.


તસવીર : નયન કુહાડીયા

# હરમડીયા ગામે સિંહણે બે ગાયોનું મારણ કરતા ગ્રામજનોમાં ભયનો માહોલ છવાયો

ઉના, તા.૦૨

ગીર ગઢડા તાલુકાના હરમડીયા ગામમાં વહેલી સવારે એક સિંહણે બે ગાયોનું મારણ કરતાં ગ્રામજનોમાં ભયનો માહોલ છવાઈ ગયો છે. જંગલની નજીક આવેલું આ ગામ સિંહ અને દીપડા જેવા હિંસક પ્રાણીઓના અવારનવાર હુમલાનો ભોગ બને છે. વહેલી સવારે ૫ થી ૫:૩૦ વાગ્યાની આસપાસ સિંહણે મુખ્ય માર્ગ પર એક વાછરડા પર હુમલો કર્યો અને બાદમાં બીજી ગાયનો શિકાર કરી મિજબાની માણી હતી. આ ઘટનાથી થોડા સમય માટે રસ્તો પણ બંધ કરવો પડ્યો હતો. વન વિભાગના કર્મચારીઓએ પહોંચીને પરિસ્થિતિને થાળે પાડી હતી. ગ્રામજનોની માંગ છે કે હરમડીયા ગામમાં વન વિભાગની ઓફિસ બનાવવામાં આવે જેથી તેઓ ભયમુક્ત થઈ શકે.


તસવીર : કૈલાશ ભટ્ટ

# ગીર ગઢડાના દ્રોણેશ્વર ગુરુકુળની બસ રોડ પરથી ઉતરી, ૫૦ વિદ્યાર્થીઓનો આબાદ બચાવ

ઉના, તા.૦૨

ગીર ગઢડાના દ્રોણેશ્વર સ્થિત સ્વામિનારાયણ ગુરુકુળની એક સ્કૂલ બસ ખિલાવડ ગામ નજીક રોડની સાઈડ પર ઉતરી જતાં અફડાતફડી મચી ગઈ હતી. સદનસીબે, બસમાં સવાર આશરે ૫૦ જેટલા વિદ્યાર્થીઓનો આબાદ બચાવ થયો હતો અને કોઈને ઈજા થઈ ન હતી. કાંધી, ભાચા, ભડિયાદર, જુના ઉગલા સહિતના ગામોમાંથી વિદ્યાર્થીઓને લઈને ગુરુકુળ જતી આ બસ અચાનક રોડ પરથી નીચે ઉતરી જતાં વિદ્યાર્થીઓ ગભરાઈને ચીસો પાડવા લાગ્યા હતા. મહામુસીબતે તમામને સુરક્ષિત રીતે બસમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. ગુરુકુળના સંચાલક નિતિનભાઈ ઓઝાએ જણાવ્યું હતું કે નિયમિત ડ્રાઈવર રજા પર હોવાથી અન્ય ડ્રાઈવર બસ ચલાવી રહ્યો હતો. ખિલાવડ નજીક ખાડા પરથી પસાર થતી વખતે ડ્રાઈવરનો સ્ટેયરિંગ પરથી કાબુ ગુમાવતા બસ રોડ પરથી ઉતરી ગઈ હતી. તમામ વિદ્યાર્થીઓ સુરક્ષિત છે અને તેમને અન્ય બસ દ્વારા ગુરુકુળ પહોંચાડવામાં આવ્યા હતા. વાલીઓએ ગુરુકુળ પહોંચીને પોતાના બાળકોની ખબર અંતર પૂછ્યા હતા.



# ડોળાસા ગામે આવી પહોંચી ગાયત્રી જ્યોતિ કળશ યાત્રાનું સ્વાગત કરાયું

ડોળાસા,તા.૦૨

ડોળાસા ગામે " જ્યોતિ કળશ " રથ આવી પહોંચતા ગાયત્રી પરિવાર દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.વીરાબાપાના સાનિધ્યમાં રાત્રે નવથી સાડા દસ વાગ્યા સુધી ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. શાંતિકુંજ હરિદ્વાર ખાતેથી દેશભરમાં ગાયત્રી પરિવારનું સંચાલન થઈ રહ્યું છે.૧૯૨૬ માં અહી એક જ્યોતિ પ્રજ્જવલિત થઈ હતી.આ અખંડ જ્યોતને આવતા વર્ષે એકસો વર્ષ પૂરા થશે.આ જ્યોત અને ગાયત્રી માતાજી નું પ્રતિક કળશ ( જ્યોતિ કળશ ) સાથે રથ સાંજે પાંચ વાગ્યે વિરાબાપા ના મંદિર પરિસરમાં આવી પહોંચ્યો હતો.જ્યાં ડોળાસા ગાયત્રી પરિવારના ધીરુભાઈ રાઠોડ સહિત અનેક ગાયત્રી ભક્ત ભાઈ બહેનોની ઉપસ્થિતિમાં જ્યોતિ કળશ રથનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.


તસવીર : અનિલ કાનાબાર

# મહુવા માર્કેટિંગ યાર્ડ દ્વારા ખેડૂતોને સ્પ્રે પંપ અને તાલપત્રીનું વિતરણ કરાયું

મહુવા,તા.૦૨

આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ ૨૦૨૫ અંતર્ગત સહકારી સપ્તાહની ઉજવણીના બીજા દિવસે, મહુવા માર્કેટિંગ યાર્ડે તાલુકાના ખેડૂતો માટે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં ખેડૂતોને સબસિડીવાળા ઈલેક્ટ્રિક સ્પ્રે પંપ અને તાલપત્રીનું વિતરણ કરવામાં આવ્યું હતુ. મહુવા યાર્ડના ચેરમેન ગભરૂભાઈ કામળિયા, વાઈસ ચેરમેન બાબુભાઈ જોળીયા, ડાયરેક્ટર પ્રવીણભાઈ જોષી અને સેક્રેટરી વી.પી. પાંચાણીના હસ્તે લાભાર્થી ખેડૂતોને આ સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતુ.


આ પ્રસંગે ચેરમેન ગભરૂભાઈ કામળિયાએ જણાવ્યું કે આ વર્ષે કુલ ૨૫૦૦ તાલપત્રી અને ૧૫૦૦ સ્પ્રે પંપ રૂા.૧,૦૦૦ ની સબસિડી સાથે ખેડૂતોને વિતરણ કરવાનું ચાલુ રહેશે. આ પહેલથી ખેડૂતોને કૃષિ કાર્યમાં મદદ મળશે અને તેમની આવકમાં વધારો થશે.



# ૭ જુલાઈ સુધી રાજયના મોટાભાગના જિલ્લાઓમાં મેઘરાજા વિરામ લેશે

ગાંધીનગર,તા.૦૨

ગુજરાતમાં ચોમાસું શરૂ થતાની સાથે જ મેઘ મહેર જોવા મળી રહી છે. જોકે, ગત અઠવાડિયું દક્ષિણ ગુજરાત માટે ખૂબ કપરૂ રહ્યું છે. અહીં મેઘરાજાએ પોતાનો કહેર વર્તાવ્યો હતો, જેના કારણે આખેઆખા શહેર પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જોકે, હાલ અનેક જિલ્લામાં વરસાદે ખમૈયા કર્યા છે, પરંતુ હજુ આ અઠવાડિયે દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના અનેક જિલ્લાઓમાં મધ્યમથી ભારે વરસાદ જોવા મળશે. નોંધનીય છે કે, આ અઠવાડિયે કોઈ જિલ્લો રેડ એલર્ટ જાહેર નથી કરાયો જેના કારણે આ વરસાદથી લોકો માટે આશિર્વાદ સમાન જ રહેશે. હવામાન વિભાગ દ્વારા આ અઠવાડિયાની આગાહી જાહેર કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આજથી ૭ જુલાઈ સુધીમાં ગુજરાતના કોઈ જિલ્લાને રેડ એલર્ટ નહીં હોય. આ સિવાય અનેક જિલ્લામાં વરસાદ વિરામ લેશે.



# ઉનામાં બાઈક ચોરીનો ભેદ ઉકેલાયો: કુલ ૭૮ હજારની બે બાઈક કબજે

ઉના,તા.૦૨

ઉના શહેરમાં થયેલી બે બાઈક ચોરીના કેસમાં પોલીસે સફળતા મેળવી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર એન.એમ. રાણાની સૂચના મુજબ સર્વેલન્સ સ્કોડના ટીમે આ કેસનો ભેદ ઉકેલ્યો હતો. પોલીસ કોન્સ્ટેબલ અનિલભાઈ અને સુનિલભાઈને મળેલી બાતમીના આધારે કોર્ટ વિસ્તારમાં રહેતા અસ્લમ ઉર્ફે મુનિર મહેબૂબભાઈના ઘરે પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી. ત્યાં એક બાઈક મળી આવી હતી. વધુ તપાસમાં જાણવા મળ્યું કે આરોપી મોટાપીરની દરગાહ પાસે બીજું બાઈક લઈને ઊભો હતો. પોલીસે આરોપી પાસેથી નંબર પ્લેટ વગરનું એક બાઈક કબજે કર્યું જેની કિંમત રૂપિયા ૩૦૦૦૦ જેના એન્જિન નંબર JC36E7322617 છે. તેમજ તેના ઘરેથી બીજું બાઈક નંબર GJ 32 L 1091 પણ મળી આવ્યું હતું. જેની કિંમત રૂપિયા ૪૮૦૦૦ હતી. આમ બંને બાઈકની કુલ કિંમત રૂપિયા ૭૮,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસની કડક પૂછપરછમાં તેણે બંને બાઈકની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી.

# પત્નિની હત્યાના ગુનામાં દોષિત ઠરેલા પતિને કોડીનારની કોર્ટે આજીવન કેદની સજા ફટકારી

કોડીનાર, તા.૦૨

મૂળ કોડીનાર તાલુકાના વેલણ ગામની અને વેરાવળ તાલુકાના નાવદ્રા ગામે પરણાવેલી મહિલાની હત્યા કરવાના ગુનામાં તેના જ પતિને કોડીનારની કોર્ટે આજીવન કેદની સજા અને રૂ. ૧૦,૦૦૦ નો દંડ ફટકાર્યો છે. મળતી માહિત મુજબ પતિ-પત્ની વચ્ચેના અણબનાવને કારણે હંસાબેન તેના પિયર આવ્યા હતા. એ દરમિયાન ગમે તે કારણોસર ઉશ્કેરાઈ જઈને હરેશે હંસાબેનના ગળામાં તિક્ષ્ણ હથિયાર મારીને મૃત્યુઘાટ ઉતારી હતી. બાદમાં તેને પસ્તાવો થતા પોતાની જાતે પોતાના પેટમાં પણ તે હથિયાર મારી દેતા તે લોહી લુહાણ થઈને પડી ગયેલ. આ ઘટનાને નિહાળનાર બાળ સાહેદ પિયુષનું જે તે સમયે પોલીસે નિવેદન લીધું નહોતું. પરંતુ કેસ દરમિયાન સાહેદ પિયુષની પૂછપરછ કરવા કોર્ટે મંજૂરી આપતા તેની જુબાનીના આધારે કોડીનાર સેશન્સ કોર્ટે હરેશને સજા સંભળાવી હતી.

# ભીડિયા બંદરે ૨૭મા સમુહલગ્નમાં ૨૨ નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં પાડ્યાં

ઉના, તા.૦૨

વેરાવળ તાલુકાના ભીડિયા બંદર ખાતે શ્રી સંયુક્ત કોળી સમાજ ભીડિયા પ્લોટ દ્વારા આયોજિત ૨૭મા સમુહલગ્ન સમારોહ સફળતાપૂર્વક સંપન્ન થયો. આ પ્રસંગે કુલ ૨૨ નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં પાડ્યાં હતાં. આ સમુહલગ્ન બે તબક્કામાં યોજાયો હતો. પ્રથમ તબક્કામાં ૨૫ જૂન, ૨૦૨૫ના રોજ ૧૨ યુગલોએ લગ્ન ગ્રંથિથી જોડાયા હતા, જ્યારે બીજા તબક્કામાં ૨૯ જૂન, ૨૦૨૫ના રોજ અન્ય ૧૦ યુગલોએ લગ્ન કર્યા હતા. આ શુભ પ્રસંગે કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયા, સાંસદ રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય દેવાભાઈ માલમ સહિત અનેક અગ્રણીઓએ હાજરી આપી નવદંપતિઓને આશીર્વચન પાઠવ્યા હતા.



તસવીર : કૈલાશ ભટ્ટ

# SGVPના અધ્યક્ષ માધવપ્રિયદાસજી સ્વામીનું યુ.કે.ના વેમ્બલીમાં સર્વધર્મ સમભાવ અને સદ્‌વિદ્યા પર પ્રવચન

### પ્રોફેસર કિશન દેવાણી અંતર્ગત સત્સંગ સભાનું આયોજન

અમરેલી, તા.૦૨

સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદના અધ્યક્ષ માધવપ્રિયદાસજી સ્વામી હાલ યુનાઈટેડ કિંગડમ (યુ.કે.) ની સત્સંગ યાત્રાએ છે. આ યાત્રા દરમિયાન તાજેતરમાં સ્વામીજીની ઉપસ્થિતિમાં પ્રોફેસર કિશન દેવાણીએ સેન્ટ એન્ડ્રુસ ચર્ચ, વેમ્બલી ખાતે એક ભવ્ય સત્સંગ સભાનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવો અને આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમાં લોર્ડ જોન હેનેટ OBE લીવરપુલ, કૃપેશ હિરાણી (ગ્રેટર લંડન એસેમ્બલી સભ્ય), મામિનારિવો (મેડાગાસ્કર દૂતાવાસના મંત્રી), ગોડસન (નાઈજીરીયા), મનીષ તિવારી (FRSA), સ્ટીવન ડાર્બી (ડિરેક્ટર ઈન્ટરફેથ મેટર્સ) તથા વડતાલ સંસ્થાના અગ્રણી સત્સંગીઓનો સમાવેશ થાય છે. સત્સંગ સભા દરમિયાન માધવપ્રિયદાસજી સ્વામીજીએ વર્તમાન સમયમાં વિવિધતામાં એકતાનું મહત્ત્વ અને સદ્‌વિદ્યા (સારા જ્ઞાન)નું મહત્ત્વ શું છે તે વિશે વિસ્તૃત સમજણ આપી હતી.



# મેઘમહેરને કારણે સૌરાષ્ટ્રના ૧૬ ડેમ ૧૦૦ ટકા ભરાયા, ૧૧ જળાશયો એલર્ટ પર

રાજકોટ,તા.૦૨

અમરેલી સહિત રાજ્યભરમાં ચોમાસું જામ્યું છે ત્યારે ચોમાસાના પ્રારંભે જ સૌરાષ્ટ્રભરમાં મેઘમહેર થઈ જતાં નદી-નાળા છલકાયા છે. સૌરાષ્ટ્રના ડેમની સ્થિતિ જોઈએ તો ૧૬ જેટલા ડેમ હાલ ૧૦૦ ટકા ભરાઈ ગયા છે અને તેને હાઈએલર્ટ ઉપર મુકાયા છે. જ્યારે ૧૧ જેટલા ડેમ ૮૦થી ૮૭% જેટલા ભરાય જતા ત્યાં એલર્ટ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત ૧૪ ડેમ એવા છે ૭૦થી ૮૦ ટકા ભરાયા છે જેને વૉર્નિંગ આપવામાં આવી છે. જૂન મહિનામાં રાજકોટ સહિત રાજ્યભરમાં ભારે વરસાદ નોંધાયો છે. ગુજરાતમાં દક્ષિણથી લઈને સૌરાષ્ટ્રના જિલ્લાઓ અને ઉત્તર ગુજરાતમાં પણ મેઘમહેરથી નદી-નાળા છલકાયા છે. જળાશયોમાં નવાં નીરની આવક થઈ છે. રાજ્યમાં ૦૧ જુલાઈ સુધીમાં ૧૬ જળાશયોમાં પાણીની વધારે આવકના પગલે હાઈએલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે ૧૧ જળાશય એલર્ટ પર છે. ચાલુ વર્ષે ગુજરાતમાં મેઘરાજાનું ધમાકેદાર આગમન થતાં રાજ્યના જળાશયોમાં પાણીની નોંધપાત્ર આવક થઈ છે. રાજ્યમાં ૧૬ જૂને થયેલી ચોમાસાની એન્ટ્રી બાદ ૧૧ દિવસમાં મેઘરાજાએ આખા રાજ્યને કવર કરી લીધું છે.




**CHANGE IN NAME**


I Undersigned here by declare that I have changed my name from PANDYA RIDHAM AMITKUMAR To PANDYA RIDHAM AMITBHAI

Sd/-
PANDYA RIDHAM AMITBHAI
Add : MADHVANI VADI, SHIVAJINAGAR, SAVARKUNDLA, AMRELI PIN : 364515, GUJARAT, INDIA

# બિહારમાં ભાજપના કાર્યકરોને વિજયનો મંત્ર આપતા સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ

નવીદિલ્હી,તા.૨

ભાજપ નેતા રાજનાથ સિંહે બિહાર રાજ્ય કાર્યકારી સમિતિની બેઠકમાં આગામી ચૂંટણીઓ માટે કાર્યકરોને વિજયનો મંત્ર આપ્યો. તેમણે કહ્યું કે ફક્ત ભારતીય જનતા પાર્ટી (ભાજપ) જ બિહારને તેનું ખોવાયેલું ગૌરવ પાછું આપી શકે છે. પટનાની પવિત્ર ભૂમિ પર આયોજિત આ સભામાં રાજનાથ સિંહે કાર્યકરોને લોકોની વચ્ચે જવા અને તેમને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ૧૧ વર્ષના કાર્યકાળ દરમિયાનની સિદ્ધિઓ વિશે જણાવવા કહ્યું. તેમણે કહ્યું કે આ સભા કોઈ સામાન્ય સભા નથી, પરંતુ બિહાર અને ભારતને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે એક સંકલ્પ સભા છે. 'દરેક બૂથ, દરેક વિસ્તાર, દરેક પંચાયતમાં જાઓ અને મોદીજીના નેતૃત્વ વિશે વાત કરો. પરંતુ આ ફક્ત ભાષણ ન હોવું જોઈએ, પરંતુ વિશ્વાસનો સંવાદ



હોવો જોઈએ. આપણે બિહારના દરેક વ્યક્તિના હૃદયમાં આ વિશ્વાસ જગાવવો પડશે કે ફક્ત ભાજપ જ બિહારનું ગૌરવ પાછું લાવી શકે છે.' રાજનાથ સિંહે કહ્યું કે છેલ્લા ૧૧ વર્ષમાં, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાબિત કર્યું છે કે મજબૂત નેતૃત્વ, સ્પષ્ટ ઈરાદા અને સ્પષ્ટ નીતિથી ભારત બદલાઈ શકે છે. તેમણે કહ્યું કે 'ભાજપનો ઉદ્દેશ્ય ફક્ત સરકાર ચલાવવાનો નથી, પરંતુ સમાજ અને રાષ્ટ્રનું નિર્માણ કરવાનો છે. અમારી નીતિઓ દરેક વર્ગના વિકાસ માટે છે, જેથી દરેક વ્યક્તિને આત્મસન્માન સાથે જીવવાનો અધિકાર મળે.

# મની લોન્ડરિંગ કેસમાં ૯૦ કરોડથી ૨૦૦૦ કરોડ રૂપિયાની મિલકત હડપ કરવાનું કાવતરું હોવાનો ઈડીનો આરોપ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨

નેશનલ હેરાલ્ડ સંબંધિત મની લોન્ડરિંગ કેસની સુનાવણી બુધવારે દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં થઈ હતી. આ દરમિયાન ઈડી વતી એએસજી એસવી રાજુએ દલીલો રજૂ કરી હતી. એએસજી એસવી રાજુએ જણાવ્યું હતું કે યંગ ઈન્ડિયનએ એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ (એજેએલ) ને હસ્તગત કરી હતી, જેની સંપત્તિ ૨૦૦૦ કરોડ




રૂપિયા છે. યંગ ઈન્ડિયન પ્રાઈવેટ લિમિટેડની રચના એજેએલને હસ્તગત કરવા માટે કરવામાં આવી હતી. એસવી રાજુએ જણાવ્યું હતું કે એજેએલના ડિરેક્ટરે કોંગ્રેસને પત્ર લખીને જણાવ્યું હતું કે પ્રકાશન બંધ થવાને કારણે અને નિયમિત આવકના અભાવે તેઓ લોન ચૂકવી શકતા નથી. એડિશનલ સોલિસિટર જનરલ રાજુએ દલીલ કરી હતી કે યંગ ઈન્ડિયનએ જાહેર કર્યું હતું કે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી તેના લાભાર્થી માલિકો છે. સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, સુમન દુબે, સેમ પિત્રોડા યંગ ઈન્ડિયનમાં મુખ્ય હોદ્દા પર હતા.

એસવી રાજુએ કહ્યું કે ૨૦૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ ધરાવતી કંપની એજેએલને ૯૦ કરોડ રૂપિયાની લોન માટે હસ્તગત કરવામાં આવી હતી.

# જયપુરથી દિલ્હીની મુસાફરી હવે માત્ર ૩ કલાકમાં પહોંચી શકાશે

જયપુર,તા.૨

દિલ્હીથી જયપુર અથવા જયપુરથી દિલ્હી જવાનું સરળ બન્યું છે. વાસ્તવમાં, જયપુર-બાંદીકુઈ લિંક લાઇન, જે ૬૭ કિમી લાંબી એક્સપ્રેસવે છે જે બાંદીકુઈને જયપુર રિંગ રોડ સાથે જોડે છે, આજથી ટ્રાયલ રન માટે ખુલી ગયો છે. આગામી દસ દિવસ સુધી ટ્રાયલ દરમિયાન કોઈ ટોલ રહેશે નહીં. જો ટ્રાયલ દરમિયાન કોઈ સમસ્યા નહીં થાય, તો આ એક્સપ્રેસ વે સામાન્ય લોકો માટે ખુલ્લો મુકાશે. આ પછી, ટોલ વસૂલાત શરૂ થશે. આ એક્સપ્રેસ વે ખુલવાથી, દિલ્હી અને જયપુર વચ્ચેનો મુસાફરીનો સમય ઘટીને ૩ કલાક થઈ જશે. તમને જણાવી દઈએ કે આ એક્સપ્રેસ વે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વેનો એક ભાગ છે. આ ૬૬.૯૧ કિમી લાંબા એક્સપ્રેસ વેને બનાવવા માટે ૧૩૬૮ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. ટોલની વાત કરીએ તો, ૬૬.૯૧ કિમી લાંબા જયપુર-બાંદીકુઈ એક્સપ્રેસ વે પર ૧૫૦ રૂપિયા ટોલ ચૂકવવા પડશે. જોકે, ટ્રાયલ રન દરમિયાન તે ચૂકવવા પડશે નહીં.

# પીએમ નરેન્દ્ર મોદી ૫ દેશોની મુલાકાત માટે રવાના, સૌપ્રથમ ઘાના પહોંચશે

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બુધવારે ૨ થી ૯ જુલાઈ દરમિયાન ૫ દેશો ઘાના, ત્રિનિદાદ અને ટોબેગો, આર્જેન્ટિના, બ્રાઝિલ અને નામિબિયાની મુલાકાત માટે રવાના થયા. આ દરમિયાન, તેઓ આ દેશોના નેતાઓને મળશે, દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવશે અને વૈશ્વિક મંચો પર ભારતની સ્થિતિને વધુ મજબૂત



બનાવશે. પ્રધાનમંત્રી સૌપ્રથમ ઘાના પહોંચશે, જ્યાં તેઓ રાષ્ટ્રપતિ જોન ડ્રામાની મહામાના આમંત્રણ પર જઈ રહ્યા છે. ભારતના ઘાના સાથે ઐતિહાસિક સંબંધો છે અને તે આફ્રિકન યુનિયન અને પશ્ચિમ આફ્રિકન દેશોના સંગઠનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. મુલાકાત માટે જતા પહેલા, પીએમ મોદીએ કહ્યું, 'હું ઘાના સાથે રોકાણ, ઉર્જા, આરોગ્ય, સુરક્ષા અને વિકાસ જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે ચર્ચા કરીશ.' તેઓ ઘાનાની સંસદને પણ સંબોધિત કરશે, જે બંને દેશોની લોકશાહી ભાવનાને પ્રતિબિંબિત કરશે. ઘાના પછી, પીએમ મોદી ત્રિનિદાદ અને ટોબેગો જશે.

# ભાજપ નેતા અડવાણીની હત્યાના પ્રયાસના આરોપીની છેક ૧૫ વર્ષ પછી ધરપકડ

નવીદિલ્હી,તા.૨

ભારતના ભૂતપૂર્વ નાયબ વડા પ્રધાન અને ભારતીય જનતા પાર્ટીના દિગ્ગજ નેતા લાલકૃષ્ણ અડવાણી વર્ષ ૨૦૧૧ માં મોટા જોખમમાં હતા. તમિલનાડુના મદુરાઈમાં રથયાત્રા દરમિયાન, અડવાણીને નિશાન બનાવીને પાઈપ બોમ્બ મૂકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. હવે આ કાવતરામાં સામેલ આતંકવાદીની લગભગ ૧૫ વર્ષ પછી આંધ્ર પ્રદેશમાં ધરપકડ કરવામાં આવી છે. લાલકૃષ્ણ અડવાણી પર પાઈપ બોમ્બ મૂકવાના કાવતરામાં સામેલ આતંકવાદીની ઓળખ અબુબકર સિદ્દીકી તરીકે કરવામાં આવી છે. પોલીસે મંગળવારે આતંકવાદીની ધરપકડ અંગે માહિતી આપી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, તમિલનાડુ આતંકવાદ વિરોધી ટુકડીએ અબુબકર સિદ્દીકીની આંધ્રપ્રદેશના અન્નામૈયા જિલ્લામાં તેના છુપાયેલા સ્થળેથી ધરપકડ કરી છે.

# સુપ્રીમ કોર્ટના કર્મચારીઓની ભરતીમાં અનામત: એસસી એસટી પછી હવે ઓબીસી ક્વોટા માટેની તૈયારી શરૂ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨

સુપ્રીમ કોર્ટે તેના વહીવટી માળખામાં એક ઐતિહાસિક નિર્ણય લીધો છે અને સ્ટાફની સીધી ભરતીમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ શ્રેણી માટે અનામત નીતિ લાગુ કરી છે. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે વર્ષોથી ટોચની અદાલતના કર્મચારીઓની નિમણૂકોમાં સમાન પ્રતિનિધિત્વ અંગે અવાજ




ઉઠાવવામાં આવી રહ્યો છે. હવે આ નીતિ હેઠળ, સુપ્રીમ કોર્ટના કર્મચારીઓમાં એસસીને ૧૫% અને એસટીને ૭.૫% અનામત મળશે. દરમિયાન, સુપ્રીમ કોર્ટે ઓબીસી શ્રેણી અંગે પણ સંકેત આપ્યો છે કે ભવિષ્યમાં અનામત લાગુ કરવા તરફ પગલાં લેવામાં આવશે. સુપ્રીમ કોર્ટ રજિસ્ટ્રીને પણ આ દિશામાં જરૂરી તૈયારીઓ કરવા સૂચના આપવામાં આવી છે. જોકે, આ અનામત નીતિ ફક્ત કર્મચારીઓ માટે છે, તેની ન્યાયાધીશોની નિમણૂકો પર કોઈ અસર થશે નહીં.નવા આદેશ હેઠળ, ૨૩ જૂન, ૨૦૨૫ થી ૨૦૦ પોઈન્ટ રોસ્ટર સિસ્ટમ લાગુ કરવામાં આવી છે, જે કર્મચારીઓની સીધી ભરતીમાં લાગુ કરવામાં આવશે.

# ઓડિશાના કેઓંઝરમાં ભૂસ્ખલન થતા માટી નીચે દટાયેલા ત્રણ લોકોના મોત નિપજયાં

(એચ.એસ.એલ),ભુવનેશ્વર,તા.૨

ઓડિશાના કેઓંઝર જિલ્લામાં દુઃખદ અકસ્માતમાં ઓછામાં ઓછા ત્રણ લોકોના મોત થયા છે. વરસાદને કારણે, જિલ્લાના જોડા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના બિચકુંડી વિસ્તાર નજીક દલાપહાડામાં ભૂસ્ખલનની આ ઘટના બની હતી. અકસ્માત બાદ સમગ્ર વિસ્તારમાં શોકનું વાતાવરણ છે. મળતી માહિતી



મુજબ, મૃતકોની ઓળખ બિચકુંડી વિસ્તારના સંદીપ મૂર્તિ, ગુરુ ચંપિયા અને કાંડે મુંડા તરીકે થઈ છે. આ બધા સ્થાનિક રહેવાસી હતા અને ઘટના સમયે તે જ વિસ્તારમાં કામ કરી રહ્યા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ અકસ્માત ત્યારે થયો જ્યારે બૈતરણી રિઝર્વ ફોરેસ્ટ વિસ્તારમાં મેંગેનીઝનું ખાણકામ ચાલી રહ્યું હતું. તે જ સમયે, ભારે વરસાદને કારણે, માટી અને પથ્થરોનો મોટો ભાગ અચાનક તૂટી પડ્યો અને લોકો તેની નીચે દટાઈ ગયા. એવું કહેવામાં આવી રહ્યું છે કે ખાણનો પાળો અચાનક તૂટી ગયો અને માટી અને ભારે પથ્થરો નીચે દટાઈ જવાથી ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા.

# ટૂથપેસ્ટ અને સીલાઈ મશીન સહિતના સાધનો પર જીએસટીનો સ્લેબ ઘટાડવા કેન્દ્ર સરકારની તૈયારી

નવીદિલ્હી,તા.૨

આવકવેરામાં રાહત પછી, હવે કેન્દ્ર સરકાર સામાન્ય લોકોને બીજી મોટી રાહત આપવાની તૈયારી કરી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ટૂંક સમયમાં જીએસટી (ગુડ્સ અને સર્વિસ ટેક્સ) દરોમાં મોટો ઘટાડો થઈ શકે છે, જેનાથી સામાન્ય માણસની રોજિંદી




જીવનજરૂરીયાતની વસ્તુઓ સસ્તી થશે. સરકાર બે મુખ્ય વિકલ્પો પર વિચાર કરી રહી છે. જે વસ્તુઓ સસ્તી થશે તેમાં ટૂથ પાવડર અને ટૂથપેસ્ટ, છત્રી,સીલાઈ મશીન,પ્રેશર કૂકર અને વાસણો,લોખંડ (પ્રેસ),ગીઝર,નાના વોશિંગ મશીન, સાયકલ, ૧૦૦૦ થી ઉપરના કપડાં,૫૦૦ થી ૧૦૦૦ ની વચ્ચેના ફૂટવેર અને ચંપલ, મોટાભાગની રસીઓ,સ્ટેશનરી,ટાઈલ્સ, કૃષિ સાધનો વગેરે છે

# રાંચીમાં અંધ યુવતી પર પિતા અને બે ભાઈઓએ કર્યો બળાત્કાર, માતાએ ગર્ભપાત કરાવ્યો

(એચ.એસ.એલ),રાંચી,તા.૨

એવું કહેવાય છે કે બાળકી માતાપિતા સાથે સૌથી વધુ સુરક્ષિત છે. જો તે જ માતાપિતા તેમની પુત્રી માટે સૌથી મોટો ખતરો બની જાય તો શું થશે. ઝારખંડના રાંચીથી આવો જ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં, એક સગીર અંધ છોકરી પર તેના જ પિતા અને ભાઈઓએ ત્રણ વર્ષ સુધી ક્રૂરતા આચરી હતી. આશ્ચર્યજનક વાત એ હતી કે તેની માતાએ પણ તેના પતિ અને પુત્રોને ટેકો આપ્યો. એટલું જ નહીં, જ્યારે પુત્રી ગર્ભવતી થઈ, ત્યારે તેની માતાએ તેનો ગર્ભપાત કરાવ્યો. આ મામલો બરિયાતુ પોલીસ સ્ટેશન વિસ્તારનો છે. માહિતી અનુસાર, અંધ છોકરી પોતાની અપંગતાને કારણે તેના પર થઈ રહેલા અત્યાચારનો વિરોધ કરી શકી નહીં. જેના કારણે આ ગંદી રમત ત્રણ વર્ષ સુધી ચાલુ રહી હતી.

# ભાજપે મહારાષ્ટ્ર અને એક કેન્દ્રશાસિત પ્રદેશ સહિત ૮ રાજ્યોમાં નવા રાજ્ય પ્રમુખોના નામ જાહેર કર્યા

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨

ભારતીય જનતા પાર્ટીએ મહારાષ્ટ્ર, તેલંગાણા, આંધ્રપ્રદેશ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, પુડુચેરી, મિઝોરમ, આંદામાન-નિકોબાર અને મધ્યપ્રદેશમાં નવા પ્રદેશ પ્રમુખોની નિમણૂક કરી છે. તમને જણાવી દઈએ કે અત્યાર સુધી ફક્ત આ ૮ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં જ પ્રદેશ પ્રમુખની નિમણૂક કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે અત્યાર સુધી ૨૦ રાજ્યોમાં પ્રદેશ પ્રમુખ માટે ચૂંટણીઓ યોજાઈ છે. આ સાથે, બાકીના રાજ્યોના પ્રદેશ પ્રમુખોના નામ પણ આગામી બે દિવસમાં જાહેર કરવામાં આવશે. ભાજપના નવા પ્રદેશ પ્રમુખો મહારાષ્ટ્રમાં રવિન્દ્ર ચવ્હાણ,તેલંગાણામાં એન રામચંદ્ર રાવ,આંધ્રપ્રદેશ પીવીએન માધવ ગરુ,ઉત્તરાખંડ મહેન્દ્ર ભટ્ટ, હિમાચલ પ્રદેશ રાજીવ બિંદલ, પુડુચેરી વીપી રામલિંગમ,મિઝોરમના બેચુઆના,આંદામાન નિકોબાર અનિલ તિવારી,મધ્યપ્રદેશ હેમંત ખંડેલવાલ છે એવું કહેવામાં આવી રહ્યું છે કે રાજ્યોમાં નવા નેતૃત્વની સ્થાપનાથી પાર્ટીને આગામી ચૂંટણીઓ માટે એક મજબૂત સંગઠન મળશે.

# વોશિંગ્ટનમાં ક્વાડ દેશોના વિદેશપ્રધાનોની બેઠક, પહેલગામ આંતકી હુમલાની નિંદા

વોશિંગ્ટન,તા.૨

વોશિંગ્ટનમાં ક્વાડ દેશોના વિદેશ પ્રધાનોની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ દરમિયાન, ક્વાડ દ્વારા ૨૨ એપ્રિલે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની સખત નિંદા કરવામાં આવી. ક્વાડ એ પણ માંગ કરી હતી કે ગુનેગારો, તેમના આયોજકો અને નાણાકીય સહાયકોને કોઈપણ વિલંબ વિના ન્યાયના કઠેડામાં લાવવામાં આવે. આ આતંકવાદી હુમલામાં કુલ ૨૬ લોકો માર્યા ગયા હતા. આતંકવાદીઓએ પ્રવાસીઓને તેમનો ધર્મ પૂછ્યા બાદ ગોળી મારી હતી. ક્વાડ દેશોએ કહ્યું કે અમે ૨૨ એપ્રિલ ૨૦૨૫ ના રોજ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની સખત નિંદા કરીએ છીએ, જેમાં ૨૫ ભારતીય નાગરિકો અને એક નેપાળી નાગરિકના મોત થયા



હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. અમે શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરીએ છીએ અને ઘાયલો ઝડપથી અને સંપૂર્ણ સ્વસ્થ થાય તેવી કામના કરીએ છીએ.ક્વાડએ કહ્યું, "અમે માંગ કરીએ છીએ કે આ જઘન્ય કૃત્યના ગુનેગારો, આયોજકો અને નાણાકીય સહાયકોને વિલંબ વિના ન્યાયના કઠેડામાં લાવવામાં આવે, અને યુએનના તમામ સભ્ય દેશોને આંતરરાષ્ટ્રીય કાયદા અને સંબંધિત યુએન સુરક્ષા પરિષદના ઠરાવો અનુસાર તમામ સંબંધિત અધિકારીઓ સાથે સક્રિય રીતે સહયોગ કરવા વિનંતી કરીએ છીએ.

# બાંગ્લાદેશના પૂર્વ પીએમ શેખ હસીનાને કોર્ટની અવમાનના બદલ ૬ માસની સજા

**શેખ હસીનાએ ૧૧ મહીના પહેલા જ બાંગ્લાદેશ છોડી દીધો હતો**

ઢાકા,તા.૦૨

બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીનાને કોર્ટના અવમાનના બદલ ૬ મહિનાની જેલની સજા ફટકારવામાં આવી છે. બંગાળી અખબાર ધ ડેઈલી સ્ટાર મુજબ, ઈન્ટરનેશનલ ક્રાઈમ ટ્રિબ્યુનલે (ITC) બુધવારે આ સજા સંભળાવી હતી. હસીના અને સ્થાનિક નેતા શકીલ અકાંડા બુલબુલ વચ્ચેની ફોન વાતચીતની તપાસ કર્યા પછી ITCએ આ ચુકાદો આપ્યો હતો.આ વાતચીત ગયા વર્ષે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી અને ઘણા અખબારોમાં પણ પ્રકાશિત થઈ હતી. આ કથિત ઓડિયો ક્લિપમાં શેખ હસીનાને એમ કહેતા સાંભળવામાં આવ્યા હતા કે તેમની સામે ૨૨૭ કેસ નોંધાયેલા છે, તેથી



તેમને ૨૨૭ લોકોને મારવાનું લાઈસન્સ મળી ગયું છે.ધ ઢાકા ટ્રિબ્યુનના રિપોર્ટ મુજબ, આ ચુકાદો જસ્ટિસ મોહમ્મદ ગુલામ મુર્તુઝા મોઝુમદારની અધ્યક્ષતાવાળી આંતરરાષ્ટ્રીય ગુના ટ્રિબ્યુનલ-૧ની ત્રણ સભ્યોની બેંચે સંભળાવ્યો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ટ્રિબ્યુનલે ગૌબાંધાના ગોવિંદગંજના રહેવાસી શકીલ અકંદ બુલબુલને પણ આ જ કેસમાં બે મહિનાની જેલની સજા ફટકારી છે. અત્રે નોંધનીય છે કે પૂર્વ પીએમ શેખ હસીના ૧૧ માસ પહેલા બાંગ્લાદેશ છોડી ભાગી ગયા હતા.

**ફતેપુર(ભોજલરામ) જવાના માર્ગ પર માથુ ફાડી નાખે તેવી ગંદકી આવતી હોય સ્થાનિકોએ વિરોધ કર્યો હતો**

# લોકલાગણીનો વિજય : અમરેલી પાલિકા નક્કી કરેલી જગ્યા પર કચરો ઠાલવશે

**કચરો ગુજકોમાસોલની પાછળ સ્થળ નક્કી થયેલ છે પરંતુ ત્યાં દબાણ હોવાની ચર્ચા !!**

અમરેલી,તા.૦૨

અમરેલી શહેરની ભાગોળે પવિત્ર યાત્રાધામ ફતેપુરા(ભોજલરામ) આવેલુ છે. આ યાત્રાધામ પર દુર-દુરથી અનેક ભાવિકો દર્શનાર્થે આવે છે.પરંતુ નગરપાલિકની ઘોર બેદરકારીને કારણે આ માર્ગ પર પાલિકા દ્વારા શહેરનો કચરો, મરેલા ઢોર નાખવામાં આવતા હોવાથી ભાવિકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. જો કે આ બાબતે તપાસ કરતા કચરો ઠલવવાનું સ્થળ તો ગુજકોમાસોલની પાછળ નક્કી કરવામાં આવ્યું હતુ, પરંતુ આ સ્થળે દબાણ થયેલુ હોય લોકોએ સરકારી જમીન પર મકાન બનાવેલા હોવાથી પાલિકા દ્વારા આ સ્થળે કચરો નાખવાને બદલે ફતેપુર માર્ગ પર કચરો નાખવામાં આવતો હોવાનુ સામે આવ્યું છે. અમરેલી નગરપાલિકા દ્વારા શહેરનો કચરો એકત્ર કરી ફતેપુર(ભોજલરામ) માર્ગ પર નાખવામાં આવી રહ્યો છે. જેનો લોકોએ જોરદાર વિરોધ કર્યો છે. જો કે કચરા બાબતે લોકોનો વિરોધ જોતા હવે પાલિકા હવે નક્કી કરેલા સ્થળ પર જ કચરો ઠાલવશે તેમ જણાવ્યું હતુ. આમ, કચરા બાબતે લોકલાગણીનો વિજય થયો હતો.

**મૃત પશુઓના નિકાલ માટે કોઈ સ્ટાફ જ નથી**

અમરેલી શહેરમાં મૃત પશુઓના નિકાલ માટે નગરપાલિકામાં કોઈ જ સ્ટાફ ન હોવાનું સામે આવ્યુ છે. જેથી પાલિકામા દ્વારા મૃત પશુઓનો યોગ્ય નિકાલ કરવાને બદલે શહેરની સમાજિક સંસ્થાઓ મૃત પશુઓનું નિકાલ કરે છે. જો પાલિકામાં મૃતપશુઓનાં નિકાલ માટે કોઈને કોન્ટ્રકટ આપવામાં આવે તો વધુ સારી કામગીરી થઈ શકે તેમ સ્થાનિકો જણાવી રહ્યાં છે.

**ભુતકાળમાં ટ્રેકટરચાલકો પર પથ્થરમારો થયો હતો**

જાણવા મળતી માહિતી મુજબ અમરેલી નગરપાલિકા દ્વારા મૃત પશુઓ અને કચરાના નિકાલ માટે ગુજકોમાસોલની પાછળ નક્કી કરવામાં આવ્યુ છે. ભુતકાળમાં પાલિકાના ટ્રેકટરો કચરો નાખવા માટે ગયા હતા ત્યારે ત્યાં રહેતા ઈસમોએ ટ્રેકટરચાલક પર પથ્થરમારો કર્યો હતો અને અહીં કચરો નહી નાખવા માટે સ્પષ્ટ ના પાડવામાં આવી હતી. જેથી માથાભારે લોકોના ભયથી જે જગ્યાએ કચરો નાખવાનુ નક્કી કરવામાં આવ્યુ છે તેના બદલે ફતેપુર માર્ગ પર કચરો નાખવામાં આવી રહ્યો છે.

**પોલીસ રક્ષણ સાથે નક્કી કરેલા સ્થળ પર કચરો નખાશે : ચીફ ઓફિસર**

ફતેપુર જવાના માર્ગ પર કચરો નાખવા મુદ્દે અમરેલી નગરપાલિકાના ચીફ ઓફિસરે જણાવ્યુ હતું કે, પાલિકાનો કચરો ગુજકોમાસોલની પાછળ નાખવાનુ નક્કી કરવામાં આવ્યું છે, પરંતુ ત્યા અમુક ઈસમોએ ગેરકાયદેસર દબાણ કર્યુ હોવાથી નક્કી કરેલી જગ્યાએ કચરો નાખવા દેતા નથી. જેથી હવે નક્કી કરેલા સ્થળ પર કચરો નાખવા માટે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ રક્ષણ સાથે યોગ્ય કરેલી જગ્યા પર કચરો નાખવામાં આવશે.

## અમદાવાદના ખોખરા વિસ્તારમાં અંગત અદાવતમાં યુવાનની હત્યા

અમદાવાદ,તા.૦૨

અમદાવાદના ખોખરા વિસ્તારમાં અગાઉના ઝઘડાની અદાવત રાખીને રવિ ખટિક નામના યુવકની હત્યા કરી દેવામાં આવી હતી.

મંગળવારે (૧ જુલાઈ) મોડી રાત્રે પાંચથી છ યુવકો લાકડી લઈને આવ્યા છે અને રવિ નામના વ્યક્તિને ઢોર માર મારવા લાગ્યા હતા. જ્યાં સુધી યુવકે દમ ન તોડ્યો ત્યાં સુધી યુવકને માર મારવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ, આ પહેલાં યુવકનો માર મારવા આવેલા ટોળા સાથે કોઈ બાબતે વિવાદ થયો હતો જેની અદાવત રાખીને તેની હત્યા કરવામાં આવી હતી.

સમગ્ર ઘટનાની જાણ થતા ખોખરા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. હાલ, પરિવારજનોની ફરિયાદના આધારે હત્યાનો ગુનો દાખલ કરી આરોપીઓની શોધખોળ કરવામાં આવી રહી છે.

## વિધાનસભા અને સચિવાલયમાં પ્લાસ્ટિકને બદલે કાચની બોટલમાં પીવાનું પાણી મળશે

ગાંધીનગર,તા.૦૨



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સચિવાલય કેમ્પસમાં ઈકો ફ્રેન્ડલી રિયુઝેબલ ગ્લાસ વોટર બોટલિંગ ફેસિલિટીનો પ્રારંભ કરાવ્યો હતો. સચિવાલય અને વિધાનસભા કેમ્પસમાં હવે આ ફેસિલિટી અંતર્ગત પ્લાસ્ટિક બોટલને બદલે કાચની બોટલમાં પીવાનું પાણી આપવામાં આવશે. એટલું જ નહી પ્લાસ્ટિક બોટલના ભાવે જ કાચની બોટલમાં પીવાનું પાણી મળશે. પ્લાસ્ટિકના ઉપયોગને ન્યૂનતમ કરવા સચિવાલય કેમ્પસમાં મહિલા મંડળ દ્વારા નવા સચિવાલય બ્લોક નંબર ૧ ૩ના ગ્રાઉન્ડ ફ્લોર ખાતે પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત કાચની બોટલના પરિવહન માટે જે ઈ-રિક્ષાનો ઉપયોગ કરવામાં આવશે. આ પ્લાન્ટ કાર્યરત થતાં સચિવાલય કેમ્પસમાં દરરોજ ઉપયોગમાં લેવાતી પ્લાસ્ટિક બોટલનો વપરાશ બંધ કરીને હવે નજીવા દરે કાચની બોટલમાં પીવાનું પાણી પૂરું પાડવામાં આવવાને કારણે પ્લાસ્ટિક વેસ્ટમાં પણ ઘટાડો થશે.રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના સાવલી ટેકનોલોજી એન્ડ બિઝનેસ ઈન્ક્યુબેટર ખાતે યુવા સ્ટાર્ટઅપ પ્રતીક પટેલ દ્વારા આ ટેકનોલોજી વિકસાવવામાં આવી છે અને તેમણે બે પેટન્ટ પણ સાયન્સ ટેકનોલોજી વિભાગની મદદથી મેળવ્યા છે.

## બેલીફ કર્મીઓના ફિક્સ ટ્રાવેલીંગ એલાઉન્સમાં વધારો કરતી રાજ્ય સરકાર

ગાંધીનગર,તા.૦૨

રાજ્ય સરકાર દ્વારા વધુ એક કર્મયોગી હિતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે. જે અંતર્ગત રાજ્યના ન્યાયતંત્ર હેઠળ ફરજ બજાવતાં બેલીફ કર્મચારીઓને હાલમાં આપવામાં આવતા માસિક રૂ. ૨૦૦ના ફિક્સ ટ્રાવેલિંગ એલાઉન્સ (F.T.A.) માં રાજ્ય સરકારના અન્ય સંવર્ગો મુજબ વધારો કરીને રૂ. ૨,૫૦૦ ખાસ ભથ્થુ મંજૂર કરવામાં આવ્યું છે.ગુજરાત રાજ્ય જ્યુડીશીયલ બેલીફ મંડળ દ્વારા કરવામાં આવેલી રજૂઆતને રાજ્ય સરકારે હકારાત્મક પ્રતિસાદ આપતા રાજ્યના ન્યાયિક ખાતામાં ફરજ બજાવતાં તમામ બેલીફ કર્મચારીઓના ફિક્સ ટ્રાવેલિંગ એલાઉન્સમાં ૧ જુલાઈ, ૨૦૨૫થી વધારો કરવામાં આવ્યો છે.

જે અન્વયે રાજ્ય સરકાર પર માસિક રૂ. ૩૪.૭૭ લાખ તથા વાર્ષિક રૂ. ૪.૧૮ કરોડનું વધારાનું કાયમી નાણાકીય ભારણ વધશે.

## રાજકોટ ટીઆરપી અગ્નિકાંડના આરોપી ઈડીએ રાજકોટ મનપા પાસે મંજૂરી માંગી

**સ્ટેન્ડિંગ કમિટી બાદ જનરલ બોર્ડમાં મંજૂરી માટે મુકવામાં આવશે**

રાજકોટ,તા.૦૨



TRP ગેમઝોન અગ્નિકાંડ કેસમાં મુખ્ય સહઆરોપી અને રાજકોટ મનપાના પૂર્વ ટાઉન પ્લાનીગ અધિકારી મનસુખ સાગઠિયાની રૂ.૨૧ કરોડની મિલ્કતો પ્રિવેન્સન ઓફ મની લોન્ડરિંગ એકટની કલમ ૫ હેઠળ તા.૨૮.૦૫.૨૦૨૪ના રોજ જપ્તિમા લીધા બાદ દિલ્હીની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે રાજકોટ મહાનગર પાલિકા પાસે ફરિયાદ દાખલ કરવા મંજૂરી માગી છે.

મનસુખ સાગઠિયા વર્ગ ૧ના કર્મચારી હોવાથી પ્રથમ સ્ટેન્ડિંગ કમિટી બાદ જનરલ બોર્ડમાં મંજૂરી માટે મુકવામાં આવશે. જેમાં આજ રોજ સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળ્યા બાદ આ ઠરાવને બહાલી આપી જનરલ બોર્ડમાં મોકલવામાં આવશે અને જુલાઈ મહિના દરમિયાન મળનાર જનરલ બોર્ડમાં પણ આ ઠરાવને મંજૂરી આપવામાં આવ્યા બાદ મનસુખ સાગઠિયા સામે ED ગુનો દાખલ કરી શકે છે. એટલે એવું ચોક્કસ કહી શકાય કે મનસુખ સાગઠિયાની મુશ્કેલીમાં વધારો થવો નિશ્ચિત છે.

## રાજયમાં તૂટી ગયેલા રોડને તાત્કાલિક રીપેર કરવા મુખ્યમંત્રીએ કર્યો આદેશ

ગાંધીનગર,તા.૦૨

ગુજરાતમાં ચોમાસાની શરૂઆત સાથે જ મેઘરાજાએ ધમાકેદાર ઈનિંગની શરૂઆત કરી દીધી છે. સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના તમામ જિલ્લાઓમાં વરસાદ નોંધાયો છે. તો બીજી તરફ હવામાન વિભાગે પણ આગામી સાત દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. રાજ્યમાં ભારે વરસાદના કારણે ઠેર-ઠેર રસ્તા તૂટી ગયા છે તો ક્યાંય મોટા ગાબડા પડી છે. જેના કારણે શહેરીજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હોવાથી આજે મળેલી કેબિનેટની બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાત્કાલિક તૂટેલા રોડ અને રસ્તાઓ પર પડેલા ખાડાઓને રિપેર કરવાના આદેશ આપ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર ખાતે આજે મળેલી કેબિનેટની બેઠકમાં વરસાદની સ્થિતિ અંગે સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત રાહત બચાવ, જળાશયોની સ્થિતિ અને કૃષિ વિભાગ દ્વારા વાવેતર સહિતની બાબતો કેબિનેટની બેઠકમાં રજૂ કરવામાં આવી છે. આ સિવાય આ બેઠકમાં રાજ્યમાં તૂટેલા રસ્તાઓ અને ખાડાઓની પણ ખાસ નોંધ લેવાઈ હતી. મુખ્યમંત્રી રાજ્યના તૂટેલા રસ્તાઓનું તાત્કાલિક સમારકામ કરવા આદેશ આપ્યા હતા.



## સુરતમાં ખાડીપૂરના કારણે ટેક્સટાઈલ માર્કેટમાં ૧૦૦૦ કરોડોથી વધારે નુકસાન

સુરત,તા.૦૨



સુરતમાં દસ દિવસ પહેલા આવેલા ખાડી પૂરના કારણે સૌથી વધુ નુકસાની ટેક્સટાઈલ માર્કેટના વેપારીઓને આવી છે. એક અંદાજ પ્રમાણે ૧૦૦૦ કરોડથી વધુની નુકસાનીનું સામનો વેપારીઓને કરવો પડી રહ્યો છે. ખાડી પૂરના પાણી રઘુકુળ માર્કેટમાં પણ ઘૂસી ગયા હતા અને હાલ રઘુકુળ ટેક્સટાઈલ માર્કેટ ધોબીઘાટ બની ગઈ હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. કારણકે દુકાનોમાં ઘૂસી ગયેલા પાણીમાં તેમનો સાડી સહિતનો માલ સામાન પલળી ગયો હતો. હાલ આ તમામ સાડી અને કપડાને દોરીઓ બાંધી પંખા વડે સુકવવામાં આવી રહી છે.

## રાજકોટ-જેતપુરનું સિક્સલેનનું કામ પુરૂ ન થાય ત્યાં સુધી ટોલ ટેક્સ નહીનો સુત્રોચ્ચાર

રાજકોટ,તા.૦૨



રાજકોટ - જેતપુર સિકસ લેન હાઈવેના રૂ.૧૨૦૪ કરોડના ૬૭ કિલોમીટરનુ કામ છેલ્લા બે વર્ષથી ચાલી રહ્યું છે જેના લીધે રાજકોટ સહિત સૌરાષ્ટ્રથી જેતપુર જવા માગતા લોકોને ૪ કલાક જેટલો સમય થાય છે. જેનું કારણ એ છે કે અહીં સિક્સ લેન કામને કારણે ભારે ટ્રાફિક જામ થાય છે. વાહન ચાલકોને ટોલ ટેક્સ ભરવામાંથી મુક્તિ આપવામાં આવે તેવી ઉગ્ર માંગ કરાઈ હતી તો સાથે જ રોડ નહીં તો ટોલ નહીં તેવા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આ દરમિયાન નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારીના પૂતળાનું દહન પણ કરાયું હતું.

## શનિવારથી રાજયની પ્રા. શાળાઓમાં 'બેગલેસ ડે'નો અમલ

ગાંધીનગર,તા.૦૨

ન્યૂ એજ્યુકેશન પોલિસી ૨૦૨૨ના નિયમની ધીમે ધીમે ગુજરાતમાં અમલવારી શરૂ થઈ રહી છે, જેમાં પ્રાથમિક શાળાઓમાં દર શનિવારે નો સ્કૂલબેગ ડે રાખવાની પણ જોગવાઈ કરવામાં આવી છે. ત્યારે ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં આવતા શનિવાર ( ૫ જુલાઈ)થી નો સ્કૂલબેગનો અમલ થશે. શનિવારે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ સ્કૂલબેગ વગર જ શાળા પર આવશે. શાળામાં શનિવારે અભ્યાસ સિવાય ઈત્તર પ્રવૃત્તિ કરાવાશે.





